P.07
દીકરી દુઆનો વિડીયો ઉતારતા ફેન પર દીપિકા પાદુકોણ નારાજ



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07
પરિણીતી ચોપરા બનશે માતા સોશિયલ મીડિયા પર આપ્યા ગૂડ ન્યૂઝ



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 24 • Dt.26-08-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

ભારતે સતલુજમાં પાણી છોડતાં પાકિસ્તાનના પંજાબમાં તબાહી । મૃતઆંક ૭૮૮ થયો 07



26
AUGUST- 2025
TUESDAY



07 યુક્રેનનો સ્વતંત્રતા દિવસે જ રશિયાના પરમાણુ મથક પર ડ્રોન હુમલો । ૧૨ સ્થળો પર યુક્રેનના ૯૫ ડ્રોન તોડી પાડયા

**ધોધમાર વરસાદની આગાહી** હવામાન વિભાગ મુજબ, રાજ્યના મોરબી, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, ભાવનગર, મહેસાણા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ

# ગુજરાતમાં વરસાદ ભૂક્કા કાઢશે । ૨૦થી વધુ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ

## ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ । હવામાન વિભાગે આગામી ૩૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી છે. જેમાં ઉત્તર, મધ્ય અને સૌરાષ્ટ્ર સહિત ૨૦ જિલ્લામાં ધોધમાર વરસાદને લઈને યલો-ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગ મુજબ, (૨૬ ઓગસ્ટ) મોરબી, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, ભાવનગર, મહેસાણા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. ૨૬-૨૭ ઓગસ્ટના રોજ રાજ્યના ૨૦ થી વધુ જિલ્લામાં હવામાન વિભાગે ઓરેન્જ-યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં સાબરકાંઠા, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, આણંદ, પંચમહાલ, દાહોદ, ભરૂચ, બોટાદ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, વડોદરા જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ ૮૪ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના વિવિધ ઝોનમાં ચાલુ વર્ષે વરસેલા વરસાદની દ્રષ્ટીએ અત્યાર સુધીમાં સૌથી વધુ ઉત્તર ગુજરાત ઝોનમાં ૮૭.૪૩ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૮૬.૪૧ ટકાથી વધુ, કચ્છ ઝોનમાં ૮૫.૦૮ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૮૩.૫૧ ટકા તેમજ પૂર્વ મધ્ય ઝોનમાં સૌથી ઓછો ૭૯.૦૮ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સરદાર સરોવર ડેમ હાલ ૮૪ ટકાથી વધુ ભરાયો છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી છે.

## ગુજરાત રાજ્યના ૨૦થી વધુ જિલ્લામાં ઓરેન્જ-યલો એલર્ટ । આગામી ૬ દિવસ ભારે થી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી

### ગુજરાત રાજ્યના કચ્છમાં ભારે વરસાદની આગાહી

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનના અનેક વિસ્તારો સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં (૨૬ ઓગસ્ટ) આવતીકાલે ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જ્યારે, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ આવતીકાલે છૂટા-છવાયા સ્થળોએ ભારે વરસાદ વરસવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેને ધ્યાને લઈને રાજ્યના માછીમારોને આગામી ૨૮ ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ, રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૮૪ ટકાથી વધુ નોંધાયો છે. છેલ્લાં ૨૪ કલાક દરમિયાન છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૪ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ૩.૯૦ ઈંચ, સાબરકાંઠાના ઈડરમાં ૩.૮૬ ઈંચ, તાપીના વ્યારામાં ૩.૫૪ ઈંચ તથા વડોદરા જિલ્લાના ડભોઈમાં ૩.૧૫ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં માત્ર ૪ કલાકમાં જ મહિસાગર જિલ્લાના બાલાસીનોર તાલુકામાં તથા સાબરકાંઠાના વિજયનગર તાલુકામાં ૨.૧૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન મુશળધાર વરસાદ વરસ્યો છે.





### અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશ ૮૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદીના સરદાર સરોવર ડેમમાં હાલ ૨,૮૩,૪૩૧ એમસીએફટી જળસંગ્રહ થયો છે. સરદાર સરોવર સિવાયના રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૩૬,૧૩૫ એમસીએફટી જળસંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૭૮.૧૮ ટકા છે. રાજ્યમાં હાલ ૬૭ ડેમ ૧૦૦ ટકાથી વધુ અને ૨૭ ડેમ ૯૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા કુલ ૯૪ ડેમને હાઈ એલર્ટ, ૨૭ ડેમ ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ તથા ૧૯ ડેમને વોર્નીગ આપવામાં આવી છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૩૦ ડેમ ૨૫ ટકા થી ૫૦ ટકા વચ્ચે અને ૧૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ તથા ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ તાલુકાઓમાં ૧૩ ઇંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૩ ઇંચથી વધુ, કેશોદ તાલુકામાં ૧૧ ઇંચથી વધુ, વંથલી તાલુકામાં ૧૦ ઈંચથી વધુ તેમજ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં ૧૦ ઇંચ અને નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૯ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. ચોમાસાની સ્થિતિમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસ.ટી બસોના સફળ આયોજનના પરિણામે નહિવત ટ્રીપો રદ કરીને ૧૪ હજાર થી વધુ રૂટ ઉપર ૪૦ હજારથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને વાહન વ્યવહારની સુવિધા નાગરિકોને પ હોચાડવામાં આવી છે. ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

### ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ

ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨૭ ઓગસ્ટ સુધી ભારે વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં આવતીકાલે (૨૪ ઓગસ્ટ) ૨૬ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યુ છે. ચાલો જાણીએ ક્યાં-કેવો રહેશે વરસાદી માહોલ. હવામાન વિભાગ મુજબ, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, મોરબી, સુરેન્દ્રનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ખેડા, વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યમાં આગામી ૨૩-૨૪ ઓગસ્ટ દરમિયાન ૧૫ થી વધુ જિલ્લામાં ઓરેન્જ-યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં કચ્છ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, અમદાવાદ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આગામી ૨૫-૨૬ ઓગસ્ટ દરમિયાન સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટા ઉદેપુર, પંચમહાલ, વડોદરા, આણંદ, નર્મદા, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદનું એલર્ટ છે. ચોમાસાની કોઇપણ સંભવિત કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરા આયોજનના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા એનડીઆરએફની ૧૨ ટુકડીઓ અને એસડીઆરએફ ૨૦ ટુકડીઓ વિવિધ જિલ્લામાં ડીપ્લોય કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન આપાતકાલીન પરિસ્થિતિ ધરાવતા સ્થળો ખાતેથી સુરક્ષાના ભાગરૂપે કુલ ૫,૧૯૧ નાગરિકોનું સ્થળાંતર અને ૯૬૬ નાગરિકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.



## નડિયાદ અને મહુધા તાલુકામાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ । નડિયાદમાં ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ

ખેડા જિલ્લામાં ચોમાસાની સિઝનનો કુલ સરેરાશ ૯૦.૨૬ ટકા વરસાદ પડયો છે. જિલ્લાના ૧૦ તાલુકામાંથી નડિયાદ અને મહુધામાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. ઠાસરા અને ખેડા તાલુકામાં સિઝનનો સરેરાશ ૬૦ ટકા કરતા પણ ઓછો વરસાદ પડયો હોવાનું જાણવા મળે છે. છેલ્લા ૨૪ કલાકના વરસાદની વાત કરીએ તો ખેડા જિલ્લામાં સરેરાશ ૨૨.૯ મિ.મી. વરસાદ પડયો હતો. જેમાં નડિયાદમાં સૌથી વધુ ૫૦ મિ.મી. અને માતરમાં ૩૫ મિ.મી. વરસાદ નોંધાયો છે. ઉપરાંત ઠાસરા અને વસોમાં ૨૬ મિ.મી., મહુધા અને ગળતેશ્વરમાં ૨૨ મિ.મી., ખેડામાં ૧૭ મિ.મી., કપડવંજમાં ૧૩ મિ.મી., મહેમદાવાદમાં ૧૦ મિ.મી. અને કઠલાલમાં ૮ મિ.મી. વરસાદ પડયો છે. ખેડા જિલ્લામાં ચોમાસાની સિઝનનો કુલ સરેરાશ ૯૦.૨૬ ટકા વરસાદ પડયો છે.

જિલ્લાના દસ તાલુકામાંથી, નડિયાદમાં સિઝનનો સૌથી વધુ ૧૩૪.૧૯ ટકા વરસાદ નોંધાયો છે. મહુધામાં ૧૦૪.૮૦% વરસાદ થયો છે. જ્યારે ઠાસરામાં ૫૯.૦૮%, ખેડામાં ૬૦.૬૪% વરસાદ પડી ગયો છે. અન્ય તાલુકાઓમાં કપડવંજમાં ૮૯.૪૮%, કઠલાલમાં ૯૫.૫૦% , મહેમદાવાદમાં ૯૭.૬૪%, માતરમાં ૮૮.૯૬%, ગળતેશ્વરમાં ૬૮.૫૩% અને વસોમાં ૮૯.૫૧% વરસાદ નોંધાયો છે.આગામી દિવસોમાં પણ ખેડા જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, અને મહિસાગરમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શકયતા છે. ખેડા જિલ્લામાં ચોમાસાની સિઝનનો કુલ સરેરાશ ૯૦.૨૬ ટકા વરસાદ પડયો છે. જિલ્લાના ૧૦ તાલુકામાંથી નડિયાદ અને મહુધામાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. ઠાસરા અને ખેડા તાલુકામાં સિઝનનો સરેરાશ ૬૦ ટકા કરતા પણ ઓછો વરસાદ પડયો હોવાનું જાણવા મળે છે.





## મહી નદીમાં ૬૯,૦૦૦ ક્યૂસેક પાણી છોડાતા આણંદ જિલ્લાના ૨૬ ગામમાં રેડ એલર્ટ

ઉપરવાસમાં વધુ વરસાદના કારણે શનિવારે કડાણા ડેમમાંથી ૬૦,૦૦૦ ક્યૂસેક પાણી છોડયા બાદ રવિવારે બપોર બે વાગ્યા બાદ વધુ ૬૯,૦૦૦ ક્યૂસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું હતું. મહી નદીમાં પાણીનો પ્રવાહ વધતા આણંદ જિલ્લાના ૨૬ ગામડાંમાં રેડ એલર્ટ જાહેર કરી ગ્રામજનોને નદી કિનારે નહીં જવા અને પશુપાલકોએ પશુઓને નદી આસપાસ ચરાવવા નહીં લઈ જવા સૂચનાઓ અપાઈ છે.કડાણા ડેમની સુરક્ષા તથા ઉપરવાસમાંથી આવતા પાણીના પ્રવાહને ધ્યાને લઈ તેમજ ડેમનું રૂલ લેવલ જાળવવા માટે કડાણા જળાશયમાંથી અંદાજે ૧૦,૨૦૦ ક્યુસેકથી ક્રમશઃ વધારીને શનિવારે ૬૦,૦૦૦ ક્યુસેક જેટલું પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું હતું. પરિણામે વણાંકબોરી વિયર પરથી શનિવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ ૧૩,૫૮૮ ક્યુસેકથી વધીને ૬૦,૦૦૦ જેટલો પાણીનો પ્રવાહ પસાર થઈ રહ્યો હતો. કડાણા ડેમમાંથી શનિવારના રોજ ૬૦,૦૦૦ ક્યુસેક પાણી છોડયા બાદ હવે ઉપરવાસમાં વધુ વરસાદ થતા ડેમની જળ સપાટી વધતા રવિવારે બપોરે બે વાગ્યા પછી ફરી ૬૯,૦૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હોવાનું વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જેને પરિણામે નદી વિસ્તારમાં સાવચેતીના પગલાં લેવા નડિયાદ ફલડ સેલ મહી બેઝિન દ્વારા જણાવવામાં આવ્યું છે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બોરસદ તાલુકાના ૮,આણંદના ૪, ઉમરેઠના બે અને આંકલાવના ૧૨ જેટલા ગ્રામ્ય વિસ્તારોને સાવચેત કરી દેવાયા છે. બોરસદ તાલુકાના ગાજણા, સારોલ, કંકાપુરા, નાની શેરડી, કોઠીયા ખાડ, દહેવાણ, બાદલપુર, વાલવોડ જેવા ગ્રામ્ય વિસ્તારોને તકેદારી રાખવા સૂચના અપાઈ છે. આણંદ તાલુકાના ખાનપુર, આંકલાવવાળી, રાજુપુરા તથા ઉમરેઠ તાલુકાના પ્રતાપપુરા, ખોરવાડ, આંકલાવ તાલુકાના ચમારા, બામણગામ, ઉમેટા, ખડોલ - ઉમેટા, સંખ્યાડ, કાનવાડી, અમરોલ, ભાણપુરા, આસરમા, નવાખલ, ભેટાસી વાંટા, ગંભીરા જેવા ગ્રામ્ય વિસ્તારોને જિલ્લા વહીવટી તંત્રએ સાવચેત રહેવા તેમજ નદીના પટમાં નહીં જવા સૂચનાઓ આપી દીધી છે. રેડ એલર્ટ જાહેર કરીને મહીકાંઠાના ગ્રામજનોને નદી કિનારે નહીં જવા તથા પશુઓને ચરાવવા માટે ન લઈ જવાની તાકીદ કરાઈ છે. ઉપરવાસમાં વધુ વરસાદના કારણે શનિવારે કડાણા ડેમમાંથી ૬૦,૦૦૦ ક્યૂસેક પાણી છોડયા બાદ રવિવારે બપોર બે વાગ્યા બાદ વધુ ૬૯,૦૦૦ ક્યૂસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું હતું. મહી નદીમાં પાણીનો પ્રવાહ વધતા આણંદ જિલ્લાના ૨૬ ગામડાંમાં રેડ એલર્ટ જાહેર કરી ગ્રામજનોને નદી કિનારે નહીં જવા અને પશુપાલકોએ પશુઓને નદી આસપાસ ચરાવવા નહીં લઈ જવા સૂચનાઓ અપાઈ છે













## પરંપરાગત રમતોની જામશે હરીફાઈ

# આજથી વિશ્વ પ્રસિદ્ધ તરણેતરના મેળાનો પ્રારંભ

### સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વ વિખ્યાત તરણેતરનો લોકમેળો ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક દૃષ્ટિએ અનેરું મહત્ત્વ

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૫ ।

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વ વિખ્યાત તરણેતરનો લોકમેળો ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક દૃષ્ટિએ અનેરું મહત્ત્વ ધરાવે છે. ત્યારે તરણેતરનો લોકમેળો ભાદરવા સુદ ત્રીજથી છઠ્ઠ સુધી (૨૬મીથી ૨૯મી ઑગસ્ટ) ભક્તિભાવ અને ઉલ્લાસના વાતાવરણમાં યોજાશે. તરણેતર મેળામાં લોકનૃત્ય, સંતવાણી, ગ્રામીણ રમતોત્સવ અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.મળતી માહિતી અનુસાર, તરણેતરના મેળામાં ભાદરવા સુદ ત્રીજથી (૨૬મી ઑગસ્ટ) પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં મંગળવારે સવારે ૦૯.૩૦ વાગ્યે ભગવાન શ્રીત્રિનેત્રેશ્વર મહાદેવનું કેવડાથી પૂજન અર્ચન અને જલાભિષેક કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૦.૩૦ વાગ્યે દીપ પ્રાગટ્ય કરી પશુ મેળો અને પ્રદર્શન, ગ્રામીણ રમતોત્સવ, પરંપરાગત ગ્રામીણ સ્પર્ધાઓનું ઉદ્ઘાઘાટન કરાશે. ગ્રામ પંચાયત દ્વારા રાત્રે ૦૯.૩૦ વાગ્યે મેળાના સ્ટેજ પર વિવિધ રાવટીના ભક્તજનોની સંતવાણીનો કાર્યક્રમ યોજાશે.ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થી (૨૭મી ઑગસ્ટ)



રોજ સાંજે ૫.૩૦ વાગ્યે પાળિયાદના પૂ. વિસામણ બાપુની જગ્યાના મહંત નિર્મળાબા ઉનડબાપુના હસ્તે ધ્વજારોહણ થશે. આ દિવસે રાત્રે ૯ વાગ્યે મેળાના સ્ટેજ પર સુરેન્દ્રનગર જિલ્લા માહિતી કચેરી દ્વારા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જે ગુજરાતના લોકકલાકારોને માણવાનો અનેરો અવસર પૂરો પાડશે.પાંચમના (૨૮મી ઑગસ્ટ) દિવસે સવારે ૬.૩૦ વાગ્યે મહંત દ્વારા મંદિરના કુંડમાં ગંગા અવતરણ આરતી કરવામાં આવશે. સવારે ૮.૩૦ વાગ્યે લખતર સ્ટેટ ઝાલા યશપાલસિંહ દિવ્યરાજસિંહજીના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે. સવારે ૧૦.૦૦ વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા સહિતના મહાનુભાવો ગુજરાત પ્રવાસન નિગમ લિ. ના તોરણ ટુરિસ્ટ વિલેજની મુલાકાત તથા શિવ પૂજન, ગ્રામીણ રમતોત્સવની મુલાકાત અને અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

## વડોદરા : ૮૨ વર્ષના વૃદ્ધાના ગળામાંથી સોનાનું બે તોલાનું ડોકિયું આંચકીને મહિલા ફરાર

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ ।

વડોદરાના માંજલપુરમાં સન સીટી સર્કલ પાસે નિર્માણપાર્ક સોસાયટીમાં રહેતા ૮૨ વર્ષના ઉર્મિલાબેન પ્રમોદકુમાર સોલંકી ગઈકાલે બપોરે સવારે ૦૧:૦૦ વાગે પૌત્રના મોપેડ પર બેસીને માંજલપુર સ્મશાન રોડ પર આવેલા મંગલેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરવા ગયા હતા અને ત્યારબાદ પૌત્ર ત્યાંથી જતો રહ્યો હતો. ઉર્મિલાબેન દર્શન કરીને બહાર નીકળ્યા ત્યારે ૩૫ વર્ષની એક મહિલા તેમને મળી હતી અને કહ્યું કે માજી હું તમને રિક્ષામાં તમારે ઘરે મૂકી જઈશ તેમ કહી તેઓને મંદિરની બહાર લઈ આવી હતી.વરસાદ ચાલુ હોવાથી રીક્ષા નહીં મળતા મહિલા ઉર્મિલાબેનને હાથ પકડીને ચાલતી ચાલતી લઈ ગઈ હતી.

## ડ્રીંક એન્ડ ડ્રાઈવ : વડોદરામાં દુમાડ ચોકડી પાસે મધરાતે કારમાંથી નશામાં ધૂત બે મિત્રો પકડાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ ।

વડોદરામાં પીધેલા વાહન ચાલકોને કારણે અકસ્માતના અવારનવાર બનાવો બનતા હોય છે. જેને કારણે પોલીસ દ્વારા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.દુબાડ ચેકપોસ્ટ ખાતે. ગઈ રાતે સમા પોલીસની ટીમ વાહનો ચેક કરી રહી હતી તે દરમિયાન પૂર ઝડપે અને વાંકીચૂકી આવી રહેલી થાર કારણે રોકવામાં આવી હતી. પોલીસે કારચાલકને તપાસતા તે નશામાં ધૂત હતો.લીધેલા કાર્ડ ચાલકનું નામ પંકિલ ઉર્ફે પાર્થ નિલેશભાઈ ચૌહાણ (દીપક સોસાયટી,અભિલાષા પાસે,સમા) હોવાનું ખુલ્યું હતું. કારચાલકની પાસે બેઠેલો તેનો મિત્ર ગૌરવ મહેન્દ્રભાઈ પરદેશી (શિવાલય ફ્લેટ્સ પાણીની ટાંકી પાસે હરણી) પણ દારૂના નશામાં હોવાથી પોલીસે બંનેની સામે પીધેલાનો કેસ કરી કાર કબ્જે લીધી હતી. વડોદરામાં પીધેલા વાહન ચાલકોને કારણે અકસ્માતના અવારનવાર બનાવો બનતા હોય છે.

## વાહનોની સંખ્યા મામલે ગુજરાત દેશમાં પાંચમા ક્રમે, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૫ કરોડ વ્હિકલ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં નોંધાયેલા વાહનોની સંખ્યા ૨.૬૮ કરોડ છે અને આ પૈકી ૪૬.૫૭ લાખ એટલે કે ૧૭.૨૪ ટકા વાહનો હાઇ સિક્યુરિટી નંબર પ્લેટ (એચએસઆરપી) નંબર પ્લેટ વગર જ રસ્તામાં ફરી રહ્યા છે. દેશના જે રાજ્યમાં સૌથી વધુ વાહનો એચએસઆરપી વગર ફરતા હોય તેવા મોટા રાજ્યોમાંથી આંધ્ર પ્રદેશ ૮૮.૮૦ ટકા સાથે મોખરે છે. આંધ્ર પ્રદેશમાં કુલ વાહનોની સંખ્યા ૧.૮૪ કરોડ છે અને તેમાંથી ૧.૮૪ કરોડ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ જ નથી. આ સિવાય કેરળમાં ૭૪.૫૫ ટકા, મધ્ય પ્રદેશમાં ૭૩.૨૪ ટકા, તામિલનાડુમાં ૬૮.૭૦ ટકા, મહારાષ્ટ્રમાં ૫૩.૯૫ ટકા, દિલ્હીમાં ૫૩.૫૯ ટકા, ઉત્તર પ્રદેશમાં ૪૪.૭૭ ટકા વાહનો એચએસઆરપી નંબર પ્લેટ વગર ફરે છે. એચએસઆરપી નંબર પ્લેટ સરેરાશ સૌથી વધુ વાહનોમાં હોય તેમાં જમ્મુ કાશ્મીર ૬ ટકા સાથે મોખરે છે. સમગ્ર દેશમાં સરેરાશ ૪૯.૬૯ ટકા વાહનો એચએસઆરપી નંબર પ્લેટ વગર ફરી રહ્યા છે. સૌથી વધુ નોંધાયેલા વાહનોની સંખ્યામાં ઉત્તર પ્રદેશ ૫.૧૮ કરોડ સાથે મોખરે અને ગુજરાત પાંચમાં સ્થાને છે. ગુજરાતમાં નોંધાયેલા વાહનોની સંખ્યા ૨.૬૮ કરોડ છે અને આ પૈકી ૪૬.૫૭ લાખ એટલે કે ૧૭.૨૪ ટકા વાહનો હાઇ સિક્યુરિટી નંબર પ્લેટ (એચએસઆરપી) નંબર પ્લેટ વગર જ રસ્તામાં ફરી રહ્યા છે.

## અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર નીલેશ દેસાઈએ ઈસરો માટે ‘વિઝન ૨૦૪૭’નો રોડમેપ રજૂ કર્યો

# સ્પેસ જગતમાં ખળભળાટ મચાવી દેવાની ઇસરોની તૈયારી । ૧૦૦થી વધુ સેટેલાઈટ કરશે લોન્ચ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર નીલેશ દેસાઈએ ઈસરો માટે ‘વિઝન ૨૦૪૭’નો રોડમેપ રજૂ કર્યો, જેમાં આગામી ૧૫ વર્ષમાં એટલે કે ૨૦૪૦ સુધીમાં દેશની જરૂરિયાતો પૂરી કરવા માટે ૧૦૦થી વધુ ઉપગ્રહોના પ્રક્ષેપણની યોજના રજૂ કરી છે. આમાં મોટાભાગના ઉપગ્રહો પૃથ્વી અવલોકન માટે હશે, જે જમીન, મહાસાગર અને વાયુમંડળના પ્રયોગો માટે ઉપયોગમાં લેવાશે.નીલેશ દેસાઈએ જણાવ્યું કે, આ લક્ષ્ય ભલે મોટો લાગે, પરંતુ તે દર વર્ષે ફક્ત ૭-૮ મિશન છે, જે ઈસરોના હાલના ચંદ્રયાન કે ગગનયાન જેવા મિશનો ઉપરાંત પણ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. અત્યાર સુધી ઈસરો



વાર્ષિક ૫-૬ મિશન કરતું આવ્યું છે, જેમાંથી ૨૦૧૬માં મહત્તમ ૯ મિશન કર્યા હતા.નીલેશ દેસાઈએ જણાવ્યું કે, આ લક્ષ્ય ભલે મોટો લાગે, પરંતુ તે દર વર્ષે ફક્ત ૭-૮ મિશન છે, જે ઈસરોના હાલના ચંદ્રયાન કે ગગનયાન જેવા મિશનો ઉપરાંત પણ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.

અત્યાર સુધી ઈસરો વાર્ષિક ૫-૬ મિશન કરતું આવ્યું છે, જેમાંથી ૨૦૧૬માં મહત્તમ ૯ મિશન કર્યા હતા.રોડમેપમાં ભવિષ્યના મિશનોનો પણ સમાવેશ થાય છે. ચંદ્રયાન-૪ અને ૫ (૨૦૨૭-૨૮ સુધીમાં) નમૂના પાછા લાવવાના મિશન છે, જ્યારે ૨૦૪૦માં ચંદ્ર પર ક્રૂ મિશન પહેલાં ચંદ્રયાન-૬, ૭ અને ૮ પણ મોકલવામાં આવશે. આ ઉપરાંત, ભારતનું પ્રથમ મંગળ લેન્ડર મિશન પણ આ રોડમેપ માં સામેલ છે.ઈસરો આગામી ૧૫ વર્ષમાં જે ૧૦૦ થી વધુ ઉપગ્રહોના પ્રક્ષેપણની યોજના બનાવી રહ્યું છે, તેમાંથી મોટાભાગના પૃથ્વી-અવલોકન ઉપગ્રહ હશે. તેમાંથી લગભગ ૮૦ ફક્ત જમીન-આધારિત પ્રયોગો માટે હશે, જ્યારે અન્ય મહાસાગર અને વાયુમંડળના પ્રયોગોને શક્ય બનાવશે. આ દરમિયાન, ઈસરો ૧૬ ટેકનોલોજી પ્રદર્શન મિશનોની પણ યોજના બનાવી રહ્યું છે, જે તેની નવી અને વધતી ક્ષમતાઓને દર્શાવશે.અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર નીલેશ દેસાઈએ ઈસરો માટે ‘વિઝન ૨૦૪૭’નો રોડમેપ રજૂ કર્યો.

## વડોદરામાં સેનાનીની તકતી તોડી બેફામ વાહન ચાલક ફરાર

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ ।

વડોદરા શહેર પર અંધકારના ઓળા ઉતરતા જ રફતારના રાજાઓ બેફામ ગતિએ પોતાના વાહનો હંકારીને હરીફાઈ કરતા કેટલીએ વાર નાના મોટા અકસ્માત સર્જાય છે. કારેલીબાગ જીવન ભારતી ચાર રસ્તા ખાતે ગઈ રાત્રે બેફામ બનીને જતા વાહન ચાલકે સ્વાતંત્ર્ય સેનાનીની તકતી તોડીને ફરાર થઈ ગયાની અરજી અંગે કારેલીબાગ પોલીસે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રફતારના રાજાઓ માટે કારેલીબાગ એપી સેન્ટર જેવું બની ગયું હોવાનું કહેવાય છે. શહેરના કારેલીબાગ વિસ્તારમાં રાત્રિના ઓળા ઉતરતા જ વાહન ચાલકો બેફામ ગતિએ વાહન દોડાવીને હરીફાઈ કરતા હોય છે. આ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ સહિત સ્થાનિક પોલીસ પણ અવારનવાર ટ્રાફિક ડ્રાઈવ ગોઠવે છે. સ્પીડ કંટ્રોલર દ્વારા પણ પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવે છે. કસુરવારો સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવે છે. રાત્રે વાહનના સાઈલેન્સર કાઢીને વાહન ચાલકો બેફામ ગતિએ પોતાનું વાહન દોડાવે છે અને રાહદારીઓમાં ગભરાટ ફેલાવે છે. આવા વાહનચાલકોના સાઈલેન્સર પણ પોલીસ દ્વારા કબજે કરવામાં આવે છે. પરિણામે કારેલીબાગ પોલીસ દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

## વડોદરામાં ગણેશ વિસર્જન માટે નવલખી કૃત્રિમ તળાવ પાણીથી ભરવાનું ચાલુ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ ।

વડોદરામાં ગણેશ મહોત્સવને અનુલક્ષીને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તારીખ ૨૭ થી ગણેશ મહોત્સવનો પ્રારંભ થશે અને ત્યારથી જ દિવસો મુજબ તબક્કા વાર ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન પણ શરૂ થઈ જશે. શહેરમાં કોર્પોરેશન દ્વારા દર વર્ષની આઠ જેટલા માફક કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા છે. જેમાં સૌથી મોટું નવલખી ખાતેનું કૃત્રિમ તળાવ છે, જ્યાં છેલ્લા એકાદ મહિનાથી તૈયારીઓ ચાલી રહી છે.હાલ તળાવ ફરતે રેલિંગ અને તેની બહાર પણ સેફટીને ધ્યાનમાં રાખી સેફટી બેરીકેડ બનાવવા ઉપરાંત સીસીટીવી ગોઠવવાની કામગીરી પણ ચાલી રહી છે. અહીં મૂર્તિ વિસર્જન માટે તરાપા રાખી દેવામાં આવ્યા છે. ગયા વર્ષે વડોદરામાં નવલખી તળાવ ખાતે હજારો મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતુ. જેને ધ્યાનમાં રાખીને અહીં આ વખતે કામગીરી થઈ રહી છે. મોટા કદની મૂર્તિઓ પણ અહીં લાવવામાં આવે છે, જેથી વિસર્જન કરવામાં સરળતા રહે. વડોદરામાં ગણેશ મહોત્સવને અનુલક્ષીને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તારીખ ૨૭ થી ગણેશ મહોત્સવનો પ્રારંભ થશે અને ત્યારથી જ દિવસો મુજબ તબક્કા વાર ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન પણ શરૂ થઈ જશે. શહેરમાં કોર્પોરેશન દ્વારા દર વર્ષની આઠ જેટલા માફક કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા છે.




### સુરતમાં ગણેશોત્સવની તડામાર તૈયારી

# વિસર્જન બાદ માત્ર ૨૦ મિનિટમાં જ ઓગળી જાય સુરતના કલાકારે બનાવી ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓ

**આગામી ગણેશોત્સવ પહેલા સુરતમાં મોટી માત્રામાં શ્રીજીની પીઓપીની મૂર્તિ વેચાણ માટે આવી ગઈ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

સુરતમાં ગણેશોત્સવની તડામાર તૈયારી થઈ રહી છે, ત્યારે શહેરમાં શ્રીજીની પીઓપીની મૂર્તિના આક્રમણ વચ્ચે માટીની મૂર્તિ ટક્કર લઈ રહી છે. આવા સમયે સુરતના એક મૂર્તિકારે વિસર્જિતના માત્ર ૨૦ મિનિટમાં ઓગળી જાય તેવી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવી છે. આ મૂર્તિ ગણેશ ભક્તોને ચકિત કરી રહી છે. આજના ઝડપી સમયમાં ગણેશ ભક્તો પણ ઝડપી વિસર્જન થાય તેવું ઈચ્છી રહ્યા છે, ત્યારે આવી ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ માત્ર પર્યાવરણને જ નહીં પરંતુ ભાવિ પેઢીને પણ સંદેશો આપી રહી છે. આગામી ગણેશોત્સવ પહેલા સુરતમાં મોટી માત્રામાં શ્રીજીની પીઓપીની મૂર્તિ વેચાણ માટે આવી ગઈ છે. તે તંત્ર અને પર્યાવરણ પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. હાલમાં ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ માટે અનેક પ્રયાસ થઈ રહ્યા છે. તેમ છતાં પીઓપીની મૂર્તિની સંખ્યા પણ વધી રહી છે. આવી સ્થિતિ સામે સુરતના પાલનપોર વિસ્તારના ગણેશજીની મૂર્તિ બનાવનાર સુરેશ કોરપેએ અનોખો પ્રયોગ કર્યો છે. આ મૂર્તિકારે ચીકણી માટી અને નેચરલ કલરના સંયોજનથી શ્રીજીની એવી મૂર્તિ બનાવી છે.



મૂર્તિ બનાવનાર સુરેશ કોરપેનું કહેવું છે કે, 'છેલ્લા ઘણા સમયથી સુરતમાં ઘર આંગણે વિસર્જનનો ટ્રેન્ડ શરૂ થયો છે. ગત વર્ષે કેટલાક ગણેશ આયોજકોએ વિસર્જન બાદ ઝડપથી મૂર્તિ ઓગળી જાય તેવી મૂર્તિની માગ કરી હતી. આ અંગે વિચારણા કરી તો એવું તારણ મળ્યું કે, માટીની મૂર્તિ પર પણ કલરના પાંચથી છ લેયર કરવામાં આવે છે. જેમાં સૌથી પહેલા માટી કલર શોષી લે તે માટે બેઝ કલર હોય છે, ત્યારબાદ કલરના પાંચેક લેયર બનાવવામાં આવે છે તેથી મૂર્તિનું વિસર્જન બાદ મૂર્તિ ઓગળવામાં થોડું મોડું થાય.'

મૂર્તિના રહસ્ય વિશે વાત કરતાં કલાકારે જણાવ્યું હતું કે, 'વિચારણા બાદ કાળી માટીનો ઉપયોગ કરી મૂર્તિમાં નેચરલ વોટર કલરનો સ્પે કરવામાં આવ્યો અને પછી શેડિંગ માટેનો કલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ નેચરલ કલર અને ચીકણી માટીનું સંયોજન જ એનું રહસ્ય છે. મૂર્તિ પાણીમાં મૂકતાં જ માટી ઓગળી જાય છે.

આ પ્રકારની મૂર્તિ બનાવ્યા બાદ તેની માગ વધી છે, પરંતુ આ વર્ષે મર્યાદિત મૂર્તિ બનાવી છે. હવે ગણેશ આયોજકોની વિસર્જન બાદની પ્રતિક્રિયા જાણ્યા પછી આવતા વર્ષે વધુ મૂર્તિ બનાવવામાં આવશે. સુરતમાં બનાવાયેલી આ ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ માત્ર પર્યાવરણને જ નહીં પરંતુ ભાવિ પેઢીને સ્વચ્છતા અને પ્રકૃત્તિ પ્રત્યે જાગૃત્તિનો સંદેશ પણ આપશે.'

સુરતમાં ગણેશોત્સવની તડામાર તૈયારી થઈ રહી છે, ત્યારે શહેરમાં શ્રીજીની પીઓપીની મૂર્તિના આક્રમણ વચ્ચે માટીની મૂર્તિ ટક્કર લઈ રહી છે. આવા સમયે સુરતના એક મૂર્તિકારે વિસર્જિતના માત્ર ૨૦ મિનિટમાં ઓગળી જાય તેવી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવી છે. આ મૂર્તિ ગણેશ ભક્તોને ચકિત કરી રહી છે.

### રાજકોટ શહેરમાં સાયબર ક્રાઇમની વધુ એક ચોંકાવનારી ઘટના

# હજુ સાયબર ફ્રોડ રોકાયો નથી, રાજકોટ શહેરમાં નિવૃત્ત કલાર્ક દંપતી સાથે થઇ ૮૮ લાખની ચીટિંગ!

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૫ ।

રાજકોટ શહેરમાં સાયબર ક્રાઈમની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ વખતે, ભોગ બનેલા લોકો સેશન્સ કોર્ટના નિવૃત્ત ક્લાર્ક દિનેશ દેલવાડિયા અને તેમની પત્ની છે. આરોપીઓએ તેમને 'ડિજિટલ અરેસ્ટ'માં ફસાવ્યા અને ૪૫ દિવસ સુધી માનસિક ત્રાસ આપ્યો અને અંતે ૮૮ લાખથી વધુની ખંડણી વસૂલ કરી.

આરોપીઓએ દંપતીને ફોન કરીને કહ્યું કે તેઓ ડ્રગ્સ અને મની લોન્ડરિંગના કેસમાં સંડોવાયેલા છે. જો તેઓ સહકાર નહીં આપે તો કાનૂની કાર્યવાહીની ધમકી આપી હતી. ત્યારબાદ, તેને સતત ઓનલાઈન વિડીયો કોલ પર રાખવામાં આવ્યા જેને 'ડિજિટલ એરેસ્ટ' કહેવામાં આવે છે. આ ૪૫ દિવસ દરમિયાન, આરોપીઓએ દંપતી પર નાણાકીય દબાણ કર્યું, તેને વારંવાર પૈસા ટ્રાન્સફર કરવા દબાણ કર્યું. એવું બહાર આવ્યું છે કે પીડિત દંપતીએ પૈસા ચૂકવવા માટે ગોલ્ડ લોન પણ લીધી હતી.આ ઘટનામાં રાજકોટના સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. નિવૃત્ત ક્લાર્ક દિનેશ દેલવાડિયાએ આ મામલે વિગતવાર અરજી દાખલ કરી છે. પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે અને આરોપીઓને ઓળખવા માટે તબીબી-તકનીકી પુરાવા એકત્રિત કરી રહ્યા છે.તાજેતરમાં, ગુજરાતમાં ડિજિટલ એરેસ્ટ ફ્રોડની ઘટના વધી રહ્યા છે.

## ૪૦,૦૦૦ વસુલવા રેસ્ટોરન્ટમાં બેફામ તોડફોડ કરનાર ચાર હુમલાખોર પકડાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ ।

વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.સન ફાર્મા રોડ પર નીલમબર ઓરીઅન્સ ખાતે રહેતા અને જેતલપુર રોડ પર રેસ્ટોરન્ટ ચલાવતા વિશાલ છાબરીએ પોલીસને કહ્યું છે કે રેસ્ટોરન્ટમાં ફર્નિચર અને કલરકામ માટે દોઢ લાખનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. પરંતુ અધૂરું કામ રહેતા ૧.૧૦ લાખ ચૂકવ્યા હતા. બાકીના ૪૦ હજારની માંગણી કરી સુરેશ સુદામ સેગર તા.૨૩મી એ તેના ત્રણ સાગરીતો સાથે રેસ્ટોરન્ટમાં આવ્યો હતો અને ઝઘડો કરી જે આવે તે ચીજો તોડફોડ કરી રૂ.અઢી લાખનું નુકસાન કર્યું હતું.ઉપરોક્ત બનાવવા અંગે અકોટા પોલીસે હુમલાખોર સુરેશ સેગર તેમજ તેની સાથે આવેલા અવિનાશ સુભાષ ભાઈ સેગર, મયુર પન્ઢરી સેગર અને વિકાસ છાયાનાથ શિન્દે (તમામ રહે- ભૈરવનાથ નગર મુજમહુડા) ની ધરપકડ કરી છે.વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.

## અમદાવાદ-મુંબઇ એનએચ પર ૧૦ કેએમ ટ્રાફિક : બામણગામ બ્રિજ પર ટ્રાફિકજામ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર બામણગામ,જામ્બુવા અને પોર વિસ્તારમાં રવિવાર (૨૪ ઓગસ્ટ) ના રોજ ભારે ટ્રાફિકજામની સ્થિતી સર્જાઈ છે. જેમાં હાઈવે પર વાહનોની ૧૦ કિલોમીટર લાંબી લાઈન લાગી હતી. જેમાં બામણગામ અને જામ્બુવા બ્રિજ પર ૧-૧ કિમી તથા પોર બ્રિજ પર ૮ કિમી જેટલો ટ્રાફિકજામ થયો હતો.

બીજીતરફ વડોદરા નજીક જામ્બુવા બ્રિજ નજીક રોડની પ્રોટેકશન વોલની માટી ધસી પડતા હાલત વધુ જટિલ બની હતી. જેના લીધે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. હાલમાં વાહનોને દૂરથી પસાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.અમદાવાદ-મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ પર આજે ફરી એકવાર લાંબો ટ્રાફિક જામ થયો હતો. અનેક વર્ગના લોકો વારેઘડીએ ઉદભવતી ટ્રાફિકજામની સમસ્યાથી મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. તાજેતરમાં જ તંત્ર દ્વારા હાઈવે પર પરિસ્થિતિનો તાગ મેળવી અવારનવાર સર્જાતી ભારે ટ્રાફિકજામની સમસ્યા નિવારવા માટે જરૂરી સૂચના આપવામાં આવી હતી. જોકે, આ વિવિધ વિભાગો સાથે બોલાવેલી બેઠકનું સુરસુરીયું થવા પામ્યું છે.

હાઈવેના માર્ગોની દયનિય પરિસ્થિતિ આજે પણ છે.મોટા મોટા ખાડાઓને કારણે નેશનલ હાઈવે પર લોકો વાહનો ધીમા ચલાવવા ફરજ પડી રહી છે. જેના કારણે અનેક વખત ટ્રાફિકજામ થતો હોય છે. જેને કારણે હાઈવેની આસપાસ રહેતા લોકો ખુબ જ મુશ્કેલીમાં મૂકાયા છે. શાળાએ બાળકોને મુકવા જતા તેમજ વહેલી સવારે નોકરી-ધંધાર્થે જતા લોકોને હાલાકી વેઠવી પડી રહી છે. ખાસ કરીને તો દર્દીને લેવા જવા તેમજ ઈમર્જન્સી વાહનો પણ ટ્રાફિકજામમાં ફસાઈ રહ્યા છે.






## તંત્રી લેખ...

# વિકાસ માટેની કિંમત

માનવી ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આને લઈને પહેલાથી જ સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. ધરતીના સંશાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તે જરૂરી છે. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઈ છે. કહેવા માટેની કોઈ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઈ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઈ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઈ સરકાર મંદીને આમંત્રણ આપવા ઈચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઈએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આવનાર સમયમાં આ મામલે જનજાગૃતિ પણ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. પૃથ્વીના સંશાધનોને આડેધડ ઉપયોગ ન કરવામાં આવે તે મામલે નિષ્ણાંતો સમય સમય પર કહેતા રહ્યા છે. જો કે વિકાસની કિંમત પર આ તમામ બાબતો થઈ રહી છે જે નુકસાનકારક સાબિત થઈ શકે છે.



### પ્રતિ વર્ષે ૨૩ ટકાના દરે ડે કેર બિઝનેસનુ કદ સતત વધી રહ્યુ છે

**રશિયામાં પુટિન શક્તિશાળી નેતા તરીકે વર્ષોથી રહેલા છે હાલમાં રાજનીતિમાં તેમની ભૂમિકા સક્રિય રીતે જોવા મળે છે આવી સ્થિતીમાં અમેરિકી ડોલર પર આત્મનિર્ભરતાને તેઓ ઘટાડી દેવામાં ચોક્કસપણે સફળ રહેશે તેમ માનવામાં આવે છે**

# ડે કેર સેન્ટર બિઝનેસમાં ભવિષ્ય છે

**ન્યુક્લિયર ફેમિલીના વધતા જતા પ્રવાહ અને લાઇફસ્ટાઇલના કારણે બિઝનેસમાં વધારો : બિઝનેસમાં અનેક શાનદાર ઓપ્શન પણ રહેલા છે**

ડે કેર સેન્ટરબિઝનેસમાં લોકો હવે રસ લઈ રહ્યા છે. આ બિઝનેસમાં કેટલાક વિકલ્પ હોવાની વાત પણ કરવામાં આવી રહી છે. ન્યુક્લિયર ફેમિલીના વધતા જતા પ્રવાહ અને લાઈફસ્ટાઈલમાં આવી રહેલા પરિવર્તનના કારણે ભારતમાં પ્રી સ્કુલ અથવા તો ડે કેર સેન્ટરની બોલબાલા વધી રહી છે. ડે કેર સેન્ટરને હવે એક નવી દિશા મળી રહી છે. ભારતમાં વર્ષ ૨૦૨૩ સુધી પ્રી સ્કુલ અને ડે કેર સેન્ટર માર્કેટનુ કદ ૧૩ હજાર કરોડ સુધી પહોંચી જશે. ડે કેર સેન્ટર બિઝનેસ દર વર્ષે ૨૩ ટકાના દરે વધી રહ્યો છે. જેનુ મુખ્ય કારણ સંયુક્ત પરિવારની ઘટતી જતી સંખ્યા રહેલુ છે. હાલમાં જ ઈન્ડિયન સોસાયટીને લઈને કરવામાં આવેલા સર્વેમાં કેટલીક સારી અને માહિતીસભર માહિતી ઉભરીને સપાટી પર આવી હતી.

જેમાં જાણવા મળ્યુ કે શહેરી ક્ષેત્રોમાં રહેતા પરિવાર પૈકી દરેક ત્રીજા પરિવારમાં હવે ન્યુક્લિયર ફેમિલી કેટેગરી લાગે છે. એટલે કે દર ત્રીજા પરિવારમાં પરિવારના સભ્યો તમામ એક જગ્યાએ નથી. શહેરોમાં રહેતા આવા ન્યુક્લિયર પરિવારો અને બાળકોની દેખરેખને લઈને સૌથી વધારે ડે કેર સેન્ટરની શોધ કરતા રહે છે. આના માટે તેમની પાસે અન્ય કોઈ વિકલ્પ પણ રહેતા નથી. બેબી ડે કેર સેન્ટરના બિઝનેસમાં ફ્રેન્ચાઈસીસ અથવા તો ત્યારબાદ સેન્ટર સંચાલનઉપરાંત અન્ય કેટલાક વિકલ્પ



પણ રહેલા છે. જેના કારણે તમે સ્ટાર્ટ અપ વર્લ્ડમાં પોતાના કેરિયરની શરૂઆત કરી શકો છો. જો તમે કોઈ સીધી રીતે સેન્ટર ખોલવા માટે ઈચ્છુક નથી તો તમે એવા સેન્ટરનો સંપર્ક પણ કરી શકો છો જે ટાર્ગેટ કસ્ટમર, મેનેજમેન્ટ માર્કેટિંગ અથવા તો બેબી પ્રોડક્ટસ તેમજ સિક્યુરિટી સર્વિસેસની જરૂર હોય છે. તેમાં આવી કંપનીઓની પણ માંગ રહે છે જે બહારથી સેન્ટર માટે જુદા જુદા પ્રકારની સર્વિસ ઉપલબ્ધ કરાવે છે અને સાથે સાથે સારા પૈસા પણ મેળવે છે. તમે પોતાની યોગ્યતા મુજબ કોઈ પણ સર્વિસના ઓપ્શનને પસંદ કરીને ડે કેર બિઝનેસમાં સામેલ થઈ શકો છો. આજના સમયમાં ડે કેર સેન્ટર બિઝનેસમાં ગ્રોથની સારી શક્યતા દેખાઈ રહી છે. સાથે સાથે કેટલાક ફાયદા પણ દેખાઈ રહ્યા છે. રોકાણકાર એવા ડે કેર સેન્ટર બિઝનેસમાં વધારે પ્રાથમિકતા આપે છે જે બાળકોને મોડર્ન ટેકનોલોજી વાળી સર્વિસ ઉપલબ્ધ કરાવે છે. ડે કેર સેન્ટર બિઝનેસની વાત કરવામાં આવે તો અમેરિકામાં તેની બોલબાલા સૌથી વધારે છે. અમેરિકામાં તો ત્રણ લાખ કરોડનુ માર્કેટ કદ પહોંચી ગયુ છે. ભારતમાં છેલ્લા પાંચ વર્ષોથી આર્ગેનાઈઝ રીતે ચાલનાર ડે કેર સેન્ટર બિઝનેસની શરૂઆત થઈ ચુકી છે. યુવા ઉદ્યોદ સાહસિકો માટે સારી તક રહેલી છે. યંગ એન્ટરપ્રેન્યોર માટે ડે કેર બિઝનેસમા બે વિકલ્પ રહેલા છે. જેમાં એક ફ્રેન્ચાઈસીસ અને બીજા વિકલ્પ તરીકે પર્સનલ ડે કેર સેન્ટર છે. આ સેક્ટરમાં ઉતરતા પહેલા કોઈ પણ એન્ટચરપ્રેન્યોરને નોલેજ બિગિનિંગ અતવા તો ટ્યુટર ટાઈમ જેવી અમેરિકન કંપનીઓના સંબંધમાં રિસર્ચ કરવાની જરૂર હોય છે. મેટ્રો સિટીની વાત કરવામાં આવે તો હાલના સમયમાં ટિયર-૧ અને ટિયર-૨ શહેરોમાં પણ ડે કેર સેન્ટર કારોબાર સતત ચાલી રહ્યો છે. સર્વિસ સેક્ટર પર રિસર્ચ કરનાર એક સંસ્થાએ દાવો કર્યો છે કે ભારતમાં ડે કેર સેન્ટરની સર્વિસ લેનાર માતાપિતા સરેરાશ ૧૫થી ૨૦ હજાર રૂપિયા સરળતાથી મહિને ખર્ચ કરી રહ્યા છે. વર્તમાનમાં ભારતમાં ઓર્ગેનાઈઝ રીતે સંચાલિત થનાર ડે કેર સેન્ટરની સંખ્યા માત્ર એક ટકાની આસપાસ છે. જેથી સર્વિસ સેકટર માટે આ બિઝનેસ વ્યાપક સફળતા અપાવી શકે છે. આવનાર દિવસોમાં આ ડે કેર સેન્ટરની બોલબાલા વધારે ઝડપથી વધી શકે છે . સંયુક્ત પરિવાર હવે ઓછા થઈ રહ્યા છે જેથી બાળકોને સાચવવા માટેની બાબત પણ મુશ્કેલરૂપ બની રહી છે. પહેલા સંયુક્ત પરિવારમાં બાળકો સરળતાથી સચવાઈ જતા હતા. માતાપિતા અને દાદા દાદી પણ ઘરમાં રહેતા હતા. જેથી બીજા કેટલાક કામો પણ બાળકોને તેમની પાસે મુકીને કરી દેવાતા હતા. જો કે હવે સંયુક્ત પરિવાર ઓછા રહ્યા છે જેથી સમસ્યા ગંભીર રીતે આવી રહી છે. આવી સ્થિતીમાં ડે કેર સેન્ટરની બોલબાલા વધી ગઈ છે. સાથે સાથે ભવિષ્યમાં તેનુ કદ વધશે.

# કારો પર બેન લાગી જશે તો શુ થશે

છેલ્લા એક દશકમાં દુનિયાભરના શહેરોના માર્ગો પર ગાડીઓનુ પ્રભુત્વ રહ્યુ છે. ભારતની સાથે સાથે દુનિયાના તમામ દેશોમાં માર્ગો પર જુદા જુદા પ્રકારના વાહનો વધારે પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. વાહનોની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લઈને દુનિયાના દેશો માર્ગોને વધારે પહોળા કરી ચુક્યા છે. ગાડીઓને પાર્ક કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ખાનગી ગાડીઓના વધતા જતા ઉપયોગના કારણે એક પ્રકારના ઈન્કલાબ જેવી સ્થિતી સર્જાઈ ગઈ છે. જો કે આના કારણે કેટલીક સમસ્યા પણ સર્જાઈ ગઈ છે. જેમાં ગાડીઓના કારણે વધતા જતા પ્રદુષણષ શહેરી વિસ્તારોમાં જામની સ્થિતી અને માર્ગો પર થતા વધારે અકસ્માતનો સમાવેશ થાય છે.

આ તમામ સમસ્યાને ઉકેલવા માટે હવે ભારત સહિત દુનિયાના દેશો કાર અને અન્ય પ્રકારના વાહનોથી દુર રહેવા અથવા તો મુક્તિ મેળવી લેવાના પ્રયાસ કરી રહ્યા છે. આના માટે જુદા જુદા નિયમો પણ પાળી રહ્યા છે. વધતી જતી ગાડીઓની સંખ્યાના કારણે પ્રદુષણની ખતરનાક સમસ્યા ઉભી થઈ રહી છે. શહેરોમાં ગાડીઓ કરતા માનવી વધારે સંખ્યામાં દેખાય તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આના માટે દરેક શહેર પોતાની રીતે પ્રયોગ કરી રહ્યા છે. જેમ કે દિલ્હીમાં પણ ઓડ ઈવેન ફોર્મ્યુલા પર કામ કરવામાં આવી રહ્યુ છે. આ ફોર્મ્યુલા મારફતે પ્રદુષણ પર કાબુ મેળવી લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. આવા જ પ્રયાસ મેક્સિકોના પાટનગર મેક્સિકો સિટી, , નોર્વેના પાટનગર ઓસ્લો અને સ્પેનના પાટનગર મેડ્રિડમાં હાથ ધરવામાં આવ્યા છે. મેક્સિકો સિટીમાં પિકો અથવા તો પ્લાકા અભિયાનની શરૂઆત કરાવી છે. આ શહેરોમાં રહેતા લોકો ગાડીઓથી દુર રહેવાના પ્રયાસ કરી રહ્યા છે. જો કે આ શહેરોમાં હેતુ પૂર્ણ રીતે પૂર્ણ થયા નથી. જો કે યોગ્ય દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. આ શહેરોએ પોતાના કેટલાક હિસ્સામાં માર્ગોને નવી ઓળખ ચોક્કસપણે આપી દીધી છે.

આ શહેરોના આ પ્રયાસને એક નવા પ્રવાહના સંકેત તરીકે જોઈ શકાય છે. હવે એવી વિચારણા ધરાવતા લોકો વધી રહ્યા છે કે શહેરની અંદર ગાડીઓની એન્ટ્રી પ્રમાણમાં ઓછી રહે. આના માટે કેટલાક પ્રયોગ પણ કરવામાં આવી રહ્યા છે. દિલ્હી અને મેક્સિકોમાં ઓડ ઈવેન ફોર્મ્યુલા ચાલી રહી છે. બેજિંગમાં તો ઓફિસોને શહેરથી દુર કરી દેવામાં આવી છે. બીજી બાજુ લંડનમાં કન્જેક્શન ચાર્જ લાગુ કરીને ગાડીઓની સંખ્યાને નિયંત્રિત કરવાની દિશામાં પહેલ કરી દીધી છે.



### વર્કપ્લેસ પર તમામ કામ પોતે કરશો તો ક્રિએટીવિટી ખતમ થઇ જશે

**રશિયામાં પુટિન શક્તિશાળી નેતા તરીકે વર્ષોથી રહેલા છે હાલમાં રાજનીતિમાં તેમની ભૂમિકા સક્રિય રીતે જોવા મળે છે આવી સ્થિતીમાં અમેરિકી ડોલર પર આત્મનિર્ભરતાને તેઓ ઘટાડી દેવામાં ચોક્કસપણે સફળ રહેશે તેમ માનવામાં આવે છે**

# કામને વહેંચી દેવાની કલા જરૂરી

**વર્કપ્લેસ પર કામને વહેંચી દેવાથી ફાયદો થાય છે : કંપનીમાં કામના કર્મચારીઓની જરૂરિયાત સમજીને પણ આગળ વધી શકાય છે**

આધુનિક સમયમાં કંપનીઓ વચ્ચે એકબીજાથી આગળ નિકળી જવા માટેની ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે. આવી સ્થિતીમાં દરેક કંપનીઓમાં રહેલા કુશળ કર્મચારીઓ દિન રાત એક કરીને કામ કરે છે. જો કે બિઝનેસ સાથે જોડાયેલા લોકો કહે છે કે કુશળ કર્મચારીઓ તેમની નીચે રહેલા તમામ કર્મચારીઓને કામ તેમની કુશળતા મુજબ વહેચીને આગળ વધે છે. આના કારણે તેમની ક્રિએટિવિટી પણ વધી જાય છે. જે વ્યક્તિ વર્ક પ્લેસ પ્લેસ પર તમામ કામને પોતાની રીતે પોતે કરવા માંગે છે તેની ક્રિએટિવીટી ખતમ થઈ જાય છે.

નિષ્ણાંતો કહે છે કે જો તમે કેપ્ટન તરીકે યોગ્ય વ્યક્તિને યોગ્ય કામ આપી રહ્યા છો તો મોડેથી કામને લઈને કોઈ પણ જાતની ટેન્શન રહેતી નથી. કંપનીમાં કેટલાક લોકો એવા હોય છે કામની જવાબદારી બોજની જેમ પોતે ઉઠાવતા રહે છે. આના કારણે તેમની એનર્જી ખરાબ થાય છે. આના કારણે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથમાંથી નિકળવાની શરૂઆત થઈ જાય છે. આપને કામને ટીમમાં વિભાજિત કરીને ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. જ્યારે એક વખત તમામ કામને યોગ્ય વ્યક્તિમાં વિભાજિત કરી દઈશુ ત્યારે ટેન્શન પણ ઘટી જાય છે. આવી સ્થિતીમાં ક્રિએટિવ કામ કરવાની બાબત પણ વધારે સરળ બની જશે. કેટલીક



વખત તમે કામમાં ફસાયેલા રહો છો. સાથે સાથે લાગે છે કે કોઈ મદદ કરી નાંખે તો સારુ. આવી સ્થિતીમાંથી બહાર નિકળી જવા માટે પહેલા ટીમની ઓળખ કરવાની જરૂર હોય છે.

ટીમના સભ્યોની ઉપલબ્ધતાના આધાર પર નહી બલ્કે તેમની સ્કીલ સેટ કરવાના આધાર પર કામને વિભાજિત કરી દેવાની જરૂર હોય છે. જો આંખ બંધ કરીને પણ કામ વહેચી દેવામાં આવશે તો બીજી તકલીફ થઈ શકે છે. આના કારણે કોઈ ફાયદો થનાર નથી. પ્રોજેક્ટની જરૂર મુજબ આપને કામને વિભાજિત કરવાની જરૂર હોય છે. કેટલીક વખત એવુ લાગે છે કે તમે સતત કામ કરતા રહો છો તો પણ સારા પરિણામ મળી રહ્યાનથી તેમ લાગે છે. જો આવુ છે તો કામના અંદાજના સંબંધમાં વિચાર કરવાની જરૂર છે.

જો વર્ક પ્લેસ પર શાનદાર કામ કરવાની ઈચ્છા છે તો કામને વિભાજિત કરવાની કલાને શિખવાની જરૂર છે. આના કારણે આપને મહત્વપૂર્ણ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાની તક મળશે. કામને વહેચી દેવાની સ્થિતીમાં ટીમ એક સમસ્યા પર અલગ અલગ રીતે કામ કરે છે. જો તમને કામને લઈને સ્પષ્ટ કરવા માંગો છો તો વધારે સારી રીતે આગળ વધી શકાય છે. કેટલીક વખત કામની વહેંચણી કરી દેવામાં આવ્યા બાદ પણ દુવિધાભરી સ્થિતી રહે છે. એક વખત કામ વિભાજિત થઈ ગયા બાદ આપને ટીમ પર પૂર્ણ વિશ્વાસ કરીને આગળ વધવાની જરૂર હોય છે. કામ પૂર્ણ કરવામાં આવ્યા બાદ પણ તેના પર વિચારણા કરવાની જરૂર હોય છે. એક વખતે કામ ટીમને સોંપી દેવામાં આવ્યા બાદ વારંવાર તેને ચકાસવાની હિમ્મત કરવી જોઈએ નહીં. સમય સમય પર કામને ચકાસવા માટેની જરૂર હોય છે. એક વખતે ટીમને કામ સોંપી દેવામાં આવ્યા બાદ વારંવાર તેને ચેક કરવાના બદલે સમયસર કામ ચકાસવાની જરૂર છે. કામના સંબંધમાં ટીમને વહેલી તકે જાણ કરી દેવી જોઈએ. કારણ કે આના કારણે ટીમ પોતાની રીતે પોતાની કુશળતા સાથે કામ કરી શકે છે. તેમના કામમાં દરમિયાનગીરી વારંવાર કરવી યોગ્ય નથી. સાથે સાથે તેમને માર્ગદર્શન કરવાની જરૂર છે. મોટા ભાગના કામના સ્થળ પર મોટા ભાગે કામ વિભાજિત હોય છે.

કેટલાક સ્થળ પર દરરોજના આધાર પર કામ સોંપવામાં આવે છે આવી જ રીતે કેટલાક સ્થળ પર જરૂરિયાત મુજબ કામ કર્મચારીઓ પાસેથી કરાવી લેવામાં આવે છે. આવી સ્થિતીમાં સારા કેપ્ટન અને સારી કંપની દરેક કર્મચારીઓને તેમની કુશળતાના આધાર પર કામ સોંપે છે. આનાથી ફાયદો થાય છે. કોઈ પણ કર્મચારીઓને કોઈ પણ પ્રકારના મુશ્કેલ કામ સોંપી દેવામાં આવે તો પણ નુકસાન થાય છે. પ્રતિષ્ઠાને ફટકો પડે છે. જો તમને કામને લઈને સ્પષ્ટતા છે તો કામને વધારે સારી રીતે પૂર્ણ કરવામાં આવી શકે છે.

# પ્લાસ્ટિક, કાગળ અને સુતર એમ તમામ પ્રકારની થેલીઓ પર્યાવરણની દ્રષ્ટિએ નુકસાનકારક

પ્લાસ્ટિકના બદલે કાગળ અને સુતરની થેલીઓનો ઉપયોગ હવે વધારે પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. જો કે જાણકાર નિષ્ણાંતો અને પર્યાવરણ સાથે જોડાયેલા નિષ્ણાંતો કહે છે. પ્લાસ્ટિકના બદલે કાગળ અને સુતી થેલીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પરંતુ આ થેલીઓને પર્યાવરણ માટે જેટલી સારી ગણવામાં આવી છે તેટલી નથી. નિષ્ણાંતો કહે છે કે આ તમામ પ્રકારની થેલીઓ પર્યાવરણની દ્રષ્ટિથી ભારે નુકસાનકારક છે. નવી કોઈ પણ પ્રકારની આવી થેલીઓ ખરીદવાથી હમેંશા બચવાના પ્રયાસ કરવા જોઈએ. આ બાબત કાગળ અને સુતી થેલી પર પણ લાગુ થાય છે. કેટલાક નિષ્ણાંતો તો અહીં સુધી કહે છે કે પર્યાવરણ માટે આ થેલીઓ પ્લાસ્ટિક કરતા પણ વધારે ખતરનાક સાબિત થાય છે. કારણ કે પ્લાસ્ટિકને રિસાયકલ કરવામાં આવે છે. સમસ્યા એ છે કે જ્યારે અમે વિચારીએ છીએ કે પર્યાવરણની દ્રષ્ટિએ સૌથી સારી બેગ અને થેલી કઈ છે તો અમે માત્ર એ બાબતની વિચારણા કરીએ છીએ કે તેની અવધિ પૂર્ણ થયા બાદ તેની સાથે શુ થશે. અમે એક થેલીને બનાવવા માટે કરવામાં આવતી ખર્ચની રકમને ભુલી જઈએ છીએ. બેગ અથવા તો થેલી બનાવવા માટે ખુબ ઉર્જાનો ઉપયોગ કરવામાં આવે છે. તેને વારંવાર ઉપયોગ કરવાની જરૂર હોય છે. કાગળ અને સુતી થેલી બનાવવામાં પર્યાવરણને ખુબ નુકસાન થાય છે. ઉત્તરીય આયર્લેન્ડ એસેમ્બલી દ્વારા વર્ષ ૨૦૧૧માં રજૂ કરવામાં આવેલા પત્ર મુજબ પ્લાસ્ટિકની થેલીઓ બનાવવા કરતા આ થેલીઓ બનાવવામાં ચાર ગણી ઉર્જાનો વધારે વપરાશ થાય છે. કાગળ વૃક્ષોને કાપીને બનાવવામાં આવે છે. જેથી લાંબા ગાળે વન્ય વિસ્તારો પર પણ અસર થાય છે. આ રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે સિંગલ સુઝ પ્લાસ્ટિક બનાવવાની તુલનામાં તેના નિર્માણમાં ખુબ વધારે પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. આના કારણે ખુબ વધારે ઘેરા ઝેરી કેમિકલ નિકળે છે. નોર્થમ્પટન યુનિવર્સિટીમાં પર્યાવરણ સાથે સંબંધિત નિષ્ણાંત માર્ગારેટ બેટ્સે કહ્યુ છે કે આ ખુબ ભારે પણ હોય છે. જેથી આ પ્રકારની થેલી ક્યાં બની છે તે બાબતને છોડી દેવામાં આવે તો પણ આ પ્રકારની થેલીને દુકાનો સુધી પહોંચાડી દેવા માટે પરિવહનના ઉપયોગથી પર્યાવરણને વધારે નુકસાન થાય છે. અલબત્ત પર્યાવરણના નુકસાનને કેટલાક અંશે નવા વન્ય વિસ્તાર ઉભા કરીને પૂર્ણ કરી શકાય છે. જેના કારણે જળવાયુ પરિવરત્નની અસરને પણ ઓછી કરવામાં આવી શકે છે. કારણ કે વૃક્ષો વાયુમંડળમાં રહેલા કાર્બનને ખેંચી લે છે. ત્યારબાદ સુતી બેગ અથવા તો થેલી આવે છે. જેને સૌથી ખરાબ ગણવામાં આવે છે. તેને બનાવવામાં પાણીનો ઉપયોગ ખુબ વધારે પ્રમાણમાં કરવામા આવે છે. માર્ગારેટના કહેવા મુજબ સુતર સાથે સંબંધિત પાક ખુબ ખર્ચાળ છે. જેથી તેની સાથે પણ એ જ ચિંતા જોડાયેલી છે જે નવા ફેશનની સાથે જોડાયેલી છે. વર્ષ ૨૦૦૬માં બ્રિટનની પર્યાવરણ એજન્સી એ જુદી જુદી ચીજોથી





બનેલી થેલીમાં તપાસ કરી હતી. સિંગલ યુઝ પ્લાસ્ટિકના બદલે ઓછા પ્રમાણમાં પર્યાવરણને નુકસાન કરે તે માટે જુદી જુદી પ્રકારની થેલીઓનો કેટલી વખત ઉપયોગ કરવાની જરૂર છે. આ તમામ બાબતમાં અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી ચીજો જાણવા મળી હતી.અભ્યાસની કામગીરી દરમિયાન જાણવા મળ્યુ કે કાગળની થેલીને ઓછામાં ઓછી ત્રણ વખત ઉપયોગ કરવાની જરૂર છે. જ્યારે પ્લાસ્ટિક બેગને ચાર વખત ઉપયોગ કરવાની જરૂર છે. બીજી તરફ એજન્સીને એવી બાબત પણ જાણવા મળી કે સુતી થેલીને ૧૩૧ વખત ઉપયોગ કરવાની જરૂર છે. કારણ કે તેને બનાવવામાં ખુબ વધારે પ્રમાણમાં ઉર્જાની જરૂર પડે છે. પરંતુ જો કાગળની થેલીને અપેક્ષાકૃત ઓછી વખત ઉપયોગ કરવાની જરૂર છે તો એક વ્યવહારિક સવાલ છે કે શુ તે ત્રણ વખત સુપર માર્કેટમાં જવા માટે સાથ આપશે. કારણ કે તે વધારે ટકાઉ હોતી નથી. તેમના ફાટી જવાનો વધારે ખતરો રહે છે. એજન્સીએ પોતાના પરિણામમાં કહ્યુ છે કે ખુબ ઓછા ટકાઉ હોવાના કારણે જેટલી વખત ઉપયોગ કરવાની જરૂર છે તેટલી વખત તેનો ઉપયોગ કરવાની બાબત મુશ્કેલરૂપ હોય છે. આવી જ રીતે સુતી થેલી વધારે ટકાઉ હોય છે. કાગળની થેલી ભલે ટકાઉ ન હોય પરંતુ તે વહેલી તકે નષ્ટ થઈ જાય છે. જેથી કચરા અથવા તો વન્ય જીવન માટે ઓછા નુકસાનકારક રહે છે. પ્લાસ્ટિક બેગને નષ્ટ કરવામાં ૪૦૦થી ૧૦૦૦ વર્ષનો સમય લાગે છે. સાથે સાથે પ્લાસ્ટિક પ્રદુષણની સમસ્યા માટે એક પ્રતિક સમાન છે. જો કે પ્લાસ્ટિક બેગ બનાવનાર વ્યક્તિ સ્ટેન ગસ્ટાફે કહ્યુ છે કે તેમને આની શોધ આ ગ્રહની મદદ કરવા માટે કરી હતી.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




અગ્નિ-૫ના નવા વેરિઅન્ટની ક્ષમતા ઘણી વિકસી ગઈ

# અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલે ૯૦ ડિગ્રીનો ટર્ન લઈને ઈતિહાસ રચ્યો

। નવી દિલ્હી, તા.૨૫ ।

ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને વિકસાવેલી અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલનું લેટેસ્ટ પરીક્ષણ અસાધરણ રહ્યું હતું. અગ્નિ-પના નવા વેરિઅન્ટની ક્ષમતા ઘણી વિકસી ગઈ છે. તેમાં ૨ ટન સુધીની સામગ્રી લોડ કરી શકાશે. આ મિસાઈલનું વજન ૫૦ ટન છે અને તેની મારક ક્ષમતા પણ તીવ્ર બની છે. અગ્નિ-પના નવા વેરિઅન્ટનું પરીક્ષણ થયું તેનાથી દુનિયા આશ્ચર્યમાં પડી ગઈ છે. ભારતની સ્વદેશી ડીફેન્સ ટેકનિક કેટલી આધુનિક છે તેનો પુરાવો દુનિયાને એ વાતે મળ્યો હતો કે અગ્નિ-૫ મિસાઈલે પરીક્ષણ વખતે શાર્પ ૯૦ ડિગ્રીનો ટર્ન લીધો હતો. મિસાઈલ આકાશમાં હોય ત્યારે આટલો ટર્ન લેવો એ અસાધરણ બાબત છે. એવી ટેકનિક વિકસાવવામાં ડીઆરડીઓને સફળતા મળી છે એ પણ અસામાન્ય બાબત છે અને ભારત ડીફેન્સ રીસર્ચની બાબતમાં ખૂબ આગળ વધી ગયું છે એનો પુરાવો છે. શાર્પ ટર્ન લેવાની ક્ષમતાના કારણે ફરક એટલો આવશે કે અચાનક નિશાન ચેન્જ કરવું હશે તો એ કરી શકાશે. દુશ્મનના સંભવિત ખતરાથી મિસાઈલને બચાવવી પડે ત્યારે દિશા ફંટાવવાની જરૂર પડે તો એ પણ શક્ય બનશે. દુશ્મનની ઘાત ટાળીને આ મિસાઈલ વળતો પ્રહાર કરી શકશે. સામાન્ય રીતે મિસાઈલમાં આટલો ટર્ન લેવાનો થાય તો તૂટી પડવાનો ભય રહે છે. ભલભલાં ડીફેન્સ સાયન્ટિસ્ટ્સ માટે આ કામ અઘરું છે, પરંતુ ડીઆરડીઓના સાયન્ટિસ્ટ્સે આ અશક્ય લાગતું કામ શક્ય બનાવ્યું છે.

### જમ્મુ શહેરમાં ભારે વરસાદના કારણે સામાન્ય જનજીવન ખોરવાયું

# જમ્મુ-કાશ્મીરમાં ૧૦૦ વર્ષમાં બીજી વખત રેકોર્ડ બ્રેક વરસાદ । ૨૭ ઓગસ્ટ સુધી આભ ફાટવાની આગાહી

**નદી-નાળા છલકાઈ જતાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ । જાનીપુર, રૂપ નગર, તાલાબ ટિલ્લુ, જ્વેલ ચોક, ન્યુ પ્લોટ તથા સંજય નગર સહિત અનેક વિસ્તારોમાં પૂરના કારણે ઘરોમાં પાણી ફરી વળ્યા । રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા**

। બિહાર, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૨૪ કલાકથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. સવારે ૮.૩૦ વાગ્યા સુધીમાં ૧૯૦.૪ મિ.મી. વરસાદ સાથે ઑગસ્ટ મહિનાનો છેલ્લા ૧૦૦ વર્ષમાં બીજો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. અગાઉ ૫ ઑગસ્ટ, ૧૯૨૬માં સૌથી વધુ ૨૨૮.૬ મિ.મી. વરસાદ પડ્યો હતો. જ્યારે ૧૧ ઑગસ્ટ, ૨૦૨૨માં ૧૮૯.૬ મિ.મી. વરસાદ વરસ્યો હતો.

જમ્મુ શહેરમાં ભારે વરસાદના કારણે સામાન્ય જનજીવન ખોરવાયું છે. નદી-નાળા છલકાઈ જતાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જાનીપુર, રૂપ નગર, તાલાબ ટિલ્લુ, જ્વેલ ચોક, ન્યુ પ્લોટ તથા સંજય નગર સહિત અનેક વિસ્તારોમાં પૂરના કારણે ઘરોમાં પાણી ફરી વળ્યા છે. રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા છે. ડઝનથી વધુ વાહનો પૂરમાં તણાઈ ગયા છે.



હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરમાં ૨૭ ઑગસ્ટ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. અમુક વિસ્તારોમાં આભ ફાટવાની, પૂર અને ભૂસ્ખલન થવાની પણ આગાહી કરી છે. સ્થાનિક વહીવટી તંત્રે જળાશયો તેમજ ભૂસ્ખલન સંભવિત વિસ્તારોથી દૂર રહેવા એડવાઈઝરી જાહેર કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં ન જવા નિર્દેશ આપ્યો છે. રાતભર ભારે વરસાદના કારણે જમ્મુના પઠાણકોટમાં નેશનલ હાઈવે પર સ્થિત એક બ્રિજને નુકસાન થયું છે. અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, જમ્મુમાં સ્થિત ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ટેગ્રેટિવ મેડિસિનના ઓછામાં ઓછા ૪૫ વિદ્યાર્થીઓ પૂરમાં ફસાયા હતા. હોસ્ટેલ કેમ્પસનું ગ્રાઉન્ડ ફ્લોર પૂરના કારણે પાણીમાં ડૂબી ગયું હતું. આ વિદ્યાર્થીઓને પોલીસ અને એસડીઆરએફની ટીમે સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આશરે સાત ફૂટથી વધુ પાણી ભરાયું હતું. એસડીઆરએફ અને પોલીસે નાવડીઓની મદદથી લગભગ પાંચ કલાક સુધી બચાવ અભિયાન ચલાવ્યું હતું. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ભારે વરસાદના કારણે તમામ સંબંધિત વિભાગોને હાઈ એલર્ટ પર રહેવા આદેશ આપ્યો છે.

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે તમામ સંબંધિત વિભાગોને હાઈ એલર્ટ પર રહેવા નિર્દેશ આપ્યો છે. અબ્દુલ્લાહે ૨૭ ઑગસ્ટ સુધી મધ્યમથી ભારે વરસાદ, આભ ફાટવાની, અચાનક પૂર અને ઊંચાઈવાળા વિસ્તારોમાં ભૂસ્ખ્લનની સંભાવના સહિતની હવામાન વિભાગની આગાહી પર ધ્યાન આપવાં તેમજ લોકોને સતર્ક રહેવા સલાહ આપી છે.

## બિહારમાં ભૂમાફિયાઓનો હાઇવેની જમીન પર કબજો, બારોબાર વેચી નાખી

। પટણા, તા.૨૫ ।

બિહારમાં બારોબાર સરકારી જમીન વેચી નાખવાનો મામલો સામે આવ્યો છે. બિહારના કુઢનીમાં સ્વાસ્થ્ય કેન્દ્ર, ખાસમહાલ, મઠ-મંદિરની જમીન ઉપરાંત કૃષિ વિભાગની જમીન પણ વેચી દેવાની ઘટના ચર્ચામાં છે. એવામાં હવે એનએચએઆઈની જમીન પણ વેચી નાખવામાં આવી હોવાના અહેવાલો છે. બિહારના મુશહરી અંચલમાં મોટી સંખ્યામાં લોકોએ એનએચએઆઈની જમીન પર કબજો પણ કરી લીધો છે. એનએચએઆઈના પ્રોજેક્ટ ડાયરેક્ટર આશુતોષ સિન્હાએ સ્થાનિક ડીએમ સુબ્રત કુમાર સેનને પત્ર લખ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે અનેક વખત ફરિયાદ કરવામાં આવવા છતા જમીનના ખરીદ-વેચાણનું ગેરકાયદે કામ ચાલુ જ છે. બિહારમાં નેશનલ હાઈવેની જમીન પર અનેક લોકોએ કબજો પણ કરી લીધો હોવાના અહેવાલો છે. ખાસ કરીને મુઝફ્ફરપુર-બરૌની ફોર લેન હાઈવેના કામમાં આ દબાણ મોટા અવરોધ ઉભા કરી રહ્યું છે. કેટલાક દબાણકર્તાઓએ તો કોમર્શિયલ કોમ્પ્લેક્સ પણ બનાવી નાખ્યા છે. આ વિસ્તારમાં ભુમાફિયા સક્રિય છે જેઓ સરકારી જમીન વેચવા માડયા છે. દબાણ વધવાને પગલે હાલમાં હાઈવે આસપાસ માપણીનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. કેટલીક જમીનનું ૧૯૬૩-૬૪ના સમયગાળામાં નેશનલ હાઈવે બનાવવા માટે સંપાદન કરાયું હતું.

## પોલીસ, એન્જિનિયરને જૂતાથી મારવા મામલે ધરપકડ

। બલિયા, તા.૨૫ ।

ભાજપના નેતાને ખેંચીને લઈ ગઈ ઉત્તર પ્રદેશના બલિયામાં ભાજપ નેતા મુન્ના બહાદુર સિંહ દ્વારા ઓફિસમાં ઘૂસીને વીજળી વિભાગના એન્જિનિયરને માર મારવાના કેસમાં નવો વળાંક આવ્યો છે. રવિવારે (૨૪મી ઓગસ્ટ) જ્યારે પોલીસ તેમને તબીબી તપાસ માટે હોસ્પિટલમાં લઈ ગઈ ત્યારે ત્યાં હોબાળો મચી ગયો. મુન્ના બહાદુરે પોલીસ વાહનમાં બેસવાનો ઈનકાર કર્યો હતો અને તેમના સમર્થકોએ પણ સ્થળ પર હોબાળો મચાવ્યો હતો. જોકે, પોલીસકર્મીઓ ભાજપ નેતાને ઢસડીને વાહનમાં બેસાડ્યો હતો.અહેવાલો અનુસાર, ભાજપ નેતા મુન્ના બહાદુરને પોલીસે એન્જિનિયરને માર મારવાના આરોપસર અટકાયતમાં લીધા હતા, તેને છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તબીબી તપાસ પછી પોલીસે તેમને પાછા પોલીસના વાહનમાં બેસાડવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન તેણે વિરોધ કર્યો હતો અને મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો ત્યાં પહોંચી ગયા અને પોલીસ સામે ઝપાઝપી કરીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. આવી સ્થિતિમાં પોલીસે મુન્ના બહાદુરને બળજબરીથી કાર સુધી ખેંચી જવો પડ્યો હતો. રવિવારે (૨૪મી ઓગસ્ટ) જ્યારે પોલીસ તેમને તબીબી તપાસ માટે હોસ્પિટલમાં લઈ ગઈ ત્યારે ત્યાં હોબાળો મચી ગયો.

### તમામ કોમેડિયન્સને પોતાની યુટ્યુબ અને પોડકાસ્ટ ચેનલ પર દિવ્યાંગજનોને બિનશરતી માફી માગવા આદેશ

# 'સોશિયલ મીડિયા પર માફી માંગો' દિવ્યાંગોની મજાકના કેસમાં સમય રૈના સહિત ૫ કોમેડિયન્સને સુપ્રીમનો આદેશ

**સોશિયલ મીડિયા પ્લેટફોર્મન્સનો ઉપયોગ કરી કમાણી કરતાં ઈન્ફ્લુએન્સર્સનું કન્ટેન્ટ વાણી સ્વાતંર્ત્યની કેટેગરીમાં આવતુ નથી । તેની ગણના કોમર્શિયલ સ્પીચમાં થશે : સુપ્રીમ**

। નવી દિલ્હી, તા.૨૫ ।

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા અને યુટ્યૂબ ઈન્ફ્લુએન્સર્સ પર ગમે-તેની મજાક કરવા બદલ આકરૂ વલણ લેતાં નોંધ લીધી હતી કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મન્સનો ઉપયોગ કરી કમાણી કરતાં ઈન્ફ્લુએન્સર્સનું કન્ટેન્ટ વાણી સ્વાતંર્ત્યની કેટેગરીમાં આવતુ નથી. તેની ગણના કોમર્શિયલ સ્પીચમાં થશે. સુપ્રીમ કોર્ટે સમય રૈનાના શોમાં દિવ્યાંગજનો પર અસંવેદનશીલ ટિપ્પણી બદલ પાંચ સ્ટેન્ડ-અપ કોમેડિયન્સને બિનશરતી માફી માગવા આદેશ આપ્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફીથી પીડિત બાળકોના માતા-પિતા તેમજ સ્વૈચ્છિક સંસ્થા SMA ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાની તરફેણમાં આ આદેશ કર્યા હતા.



સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈના, વિપુલ ગોયલ, પરમારજીત સિંહ ઘઈ, નિશાંત જગદીશ તંવર અને સોનાલી આદિત્ય દેસાઈ વિરૂદ્ધ દિવ્યાંગજનો પર અસંવેદનશીલ ટિપ્પણીઓ કરવાનો આરોપ મૂકાયો હતો. સુપ્રીમ કોર્ટે આ તમામ કોમેડિયન્સને પોતાની યુટ્યુબ અને પોડકાસ્ટ ચેનલ પર દિવ્યાંગજનોને બિનશરતી માફી માગવા આદેશ આપ્યો છે. તેમજ આગળ જતાં દિવ્યાંગજનો પર આ પ્રકારના ઉપહાસ ન થાય તેની ખાતરી સુનિશ્ચિત કરવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે આગામી સુનાવણીમાં આ કોમેડિયન પર દંડ લાદવા મુદ્દે નિર્ણય લેવાનું પણ જણાવ્યું છે. જસ્ટિસ કાંતે ઈન્ફ્લુએન્સર્સને કહ્યું હતું કે, 'પસ્તાવા કરતાં ગુનો મોટો છે. તેમાં તિરસ્કારની ભાવના રહેલી છે. જેથી તેમને દંડ પણ ફટકારવામાં આવશે. પહેલાં તમારા પોડકાસ્ટ અને ચેનલ્સ પર જઈને માફી માગો બાદમાં અમને જણાવો કે તમે કેટલો દંડ ચૂકવી શકો છો.' ઉલ્લેખનીય છે, તમામ પાંચ ઈન્ફ્લુએન્સર્સ કોર્ટ સમક્ષ હાજર રહ્યા હતા.સુપ્રીમ કોર્ટે ભવિષ્યમાં આ પ્રકારની અસંવેદનશીલ મજાક ન થાય તેનું ધ્યાન રાખતાં માહિતી વિભાગને સોશિયલ મીડિયા પર ઉપયોગમાં લેવાતી ભાષા મુદ્દે સ્પષ્ટ ગાઈડલાઈન્સ ઘડવા આદેશ આપ્યો છે. આ ગાઈડલાઈન્સ કોઈ એક ઘટના પર આધારિત ન હોય. તેમાં ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાના વ્યાપક મુદ્દાઓને આવરી લેવામાં આવે. દિવ્યાંગજનો, મહિલાઓ, બાળકો અને વરિષ્ઠો પર અસંવેદનશીલ મજાક કરવા પર અંકુશ લાદવા સોશિયલ મીડિયા માટે ગાઈડલાઈન્સ ઘડવા આદેશ કર્યો છે.

### અમેરિકાના ૨૫ ટકા ટેરીફનો સ્પષ્ટ ઉત્તર

## અમેરિકા ભારત પાસેથી રીફાઇન્ડ ઓઇલના ખરીદે : એસ.જયશંકર

। નવી દિલ્હી, તા.૨૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ભારત પર દંડ સ્વરૂપે વધારાના ૨૫ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી હતી. આ ટેરિફનો અમલ ૨૭ ઑગસ્ટથી થવાનો છે ત્યારે આ પહેલાં શનિવારે વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકરે ભારતને અમેરિકાના ટેરિફ 'ટેરરિઝમ'ની યાદીમાં બ્રાઝિલ સાથે સૌથી ઉપર રાખવાના નિર્ણયની આકરી ટીકા કરી છે. તેમણે કહ્યું કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પોતાના રાષ્ટ્રીય હિતો અને વૈશ્વિક હિતો બંને માટે કરી રહ્યું છે. અમેરિકાને ભારતમાં રિફાઈન્ડ ઓઈલ અંગે કોઈ સમસ્યા હોય તો તેણે ભારત પાસેથી ઓઈલ ના ખરીદવું જોઈએ.ભારતે અમેરિકાના એફ-૩૫ ફાઈટર જેટ ખરીદવાની તથા વેપાર સોદામાં કૃષિ અને ડેરી સેક્ટર ખોલવાની ટ્રમ્પની માગ નકારી કાઢતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતથી નારાજ છે, જેને પગલે તેમણે ભારત પર ૨૫ ટકા અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ વધારાના ૨૫ ટકા ટેરિફ નાંખ્યો છે. જયશંકરે અમેરિકાએ ભારત પર લગાવેલા વધારાના ૨૫ ટકા ટેરિફને તર્કહીન અને અયોગ્ય ગણાવ્યો હતો. ટ્રમ્પ સરકારના અધિકારીઓ વારંવાર ભારત પર રશિયા પાસેથી સસ્તુ ક્રૂડ ખરીદીને રિફાઈન્ડ પેટ્રોલિયમ તરીકે યુરોપ અને અમેરિકાને ઊંચા ભાવે વેચીને 'નફાખોરી'નો આક્ષેપ કરી રહ્યા છે. આ મુદ્દા પર જયશંકરે કહ્યું કે, જે લોકો વેપાર સમર્થક અમેરિકન સરકાર માટે કામ કરે છે તે લોકો જ બીજા પર વેપાર કરવાનો આરોપ મૂકી રહ્યા છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી રાષ્ટ્રીય હિતો અને વૈશ્વિક હિતો માટે કરે છે. યુરોપ અને અમેરિકા ભારત પાસેથી ક્રૂડ અને રિફાઈન્ડ ઓઈલની ખરીદી કરે છે. અમેરિકાને કોઈ સમસ્યા હોય તો તેઓ ભારત પાસેથી ક્રૂડ ઓઈલ ના ખરીદે. જયશંકરે પશ્ચિમી દેશોના વલણ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, યુરોપ રશિયા પાસેથી ભારત કરતાં ઘણો વધુ વેપાર કરે છે. આ સિવાય જે લોકો એમ કહે છે કે અમે રશિયા પાસેથી ઓઈલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં પુતિનને પ્રોત્સાહન આપી રહ્યા છીએ.

## ન્યૂઝ બ્રિફ



### દહેજમાં સ્કોર્પિયો, બુલેટ, સોનું છતાં ૩૬ લાખ માગ્યા : પત્નીને સળગાવી હત્યા

। નોઇડા, તા.૨૫ ।

દહેજમાં સ્કોર્પિયો, બુલેટ, સોના સહિતની અનેક કિમતી વસ્તુઓ લીધી હોવા છતા જીવના ધરાતા પત્ની પર પતિ, તેના સાસરીયાવાળા અત્યાચાર કરતા રહ્યા. અત્યાચાર એટલો વધી ગયો કે અંતે તમામ લોકોએ મળીને પત્નીને જીવતી સળગાવીને તેની હત્યા કરી નાખી. આ હત્યાકાંડને લઈને અનેક રાજ ખુલી રહ્યા છે એવામાં ફરાર પતિ વિપિન ભાટી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે પોલીસ એન્કાઉન્ટરમાં તેને પગમાં ગોળી વાગી હતી. અંતે પોલીસે મૃતક નિક્કીનો હત્યારો પતિ વિપિન ભાટી અને તેની સાસુની ધરપકડ કરી લીધી છે. જોકે આ હત્યાકાંડ હાલ ચર્ચાનો વિષય બન્યો છે અને રોજ નવી વિગતો સામે આવી રહી છે. નિક્કી અને તેની બહેન કંચન બન્નેના લગ્ન બે ભાઈઓ વિપિન અને રોહિત સાથે વર્ષ ૨૦૧૬માં થયા હતા, જોકે હાલ નિક્કી આ દુનિયામાં નથી રહી, દહેજની આગે તેનો જીવ લીધો, જોકે તેની બહેન કંચને મીડિયાને જણાવ્યું હતું કે લગ્નમાં આટલો દહેજ આપ્યો હોવા છતા સાસરીયાવાળાએ લગ્ન બાદ પણ દહેજનું દબાણ શરૂ રાખ્યું, અને વધુ ૩૬ લાખ રૂપિયા માગ્યા. આ માગણી પુરી થઈ શકે તેમ ના હોવાથી નિક્કી સાથે મારપીટ શરૂ થઈ ગઈ. નિક્કી સાથે તેનો પતિ અને સાસુ બન્ને મારપીટ કરી રહ્યા હોવાના વીડિયો પણ સામે આવ્યા છે. નિક્કીને એક દિવસ એટલો ઢોર માર મારવામાં આવ્યો કે તે બેભાન થઈ ગઈ બાદમાં તેના શરીર પર જ્વલનશીલ પદાર્થ નાખીને આગ લગાવી દેવાઈ, પાડોશીઓએ નિક્કીને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરી હતી.

### ભયંકર અકસ્માત, શ્રદ્ધાળુઓને લઈ જતા ટ્રેક્ટર-કન્ટેનર વચ્ચે ટક્કર, ૮ મોત

। બુલંદશહેર, તા.૨૫ ।

ઉત્તરપ્રદેશના બુલંદશહેરમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવે નંબર ૩૪ પર ઘટાલ ગામ નજીક કાસગંજથી રાજસ્થાનના ગોગામેડી જતા ગોગાજીના ભક્તોના ટ્રેક્ટરને એક કન્ટેનરને એટલી ભયાનક ટક્કર મારી કે ઘટનાસ્થળે જ ૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આ અકસ્માતમાં ૪૩ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બુલંદશહેરના એસએસપી દિનેશ કુમાર સિંહના જણાવ્યાનુસાર ટ્રેક્ટરમાં ૫૦ થી ૬૦ શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. આ લોકો કાસગંજથી જાહરવીર(ગોગાજી)ના દર્શને ગોગામેડી રાજસ્થાન જઈ રહ્યા હતા. એ સમયે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. બુલંદશહેર ગ્રામીણ એસ.પી. ડૉ. તેજવીર સિંહે આ મામલે જાણકારી આપતાં કહ્યું કે ઘટાલ ગામ નજીક એક ટ્રેક્ટર ટ્રોલીને પાછળથી બેફામ આવતી કન્ટેનર ટ્રકે જોરદાર ટક્કર મારી હતી જેના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનાસ્થળે જ ૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આ અકસ્માતમાં ૪૩ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં અચાનક કારનો દરવાજો ખુલી જતાં બાઇક સવાર યુવા ક્રિકેટરનું અકસ્માતમાં મોત

। જમ્મુ-કાશ્મીર, તા.૨૫ ।

જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. એક સ્થાનિક ક્રિકેટરનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું. આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે એક વ્યક્તિએ અચાનક તેની કારનો દરવાજો ખોલ્યો, આ દરમિયાન બાઈકચાલક ક્રિકેટર કારના દરવાજા સાથે અથડાયો હતો.ટક્કર બાદ, ક્રિકેટર રસ્તા પર પડી ગયો અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા બાદ તેનું મોત નિપજ્યું. આ સમગ્ર ઘટના નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી. ક્રિકેટરની ઓળખ ફરીદ હુસૈન તરીકે થઈ છે, જે પૂંછનો રહેવાસી છે.

## દિલ્હીમાં બે મોટી ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ : રૂ.30 કરોડનું ડ્રગ્સ જપ્ત

। નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હીમાં એક સાથે બે મોટી ડ્રગ્સ સિંડિકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. કસ્ટમ વિભાગ અને દિલ્હી પૌલીસની અલગ અલગ કાર્યવાહીમાં કુલ ૩૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યનું હેરોઈન અને મારિજુઆના જપ્ત કરવામાં આવ્યું છે. બંને કેસોમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એક યાત્રી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પકડાયો હતો. જ્યારે બે મહિલાઓની નંદ નગરી વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પ્રથમ કેસ દિલ્હી એરપોર્ટનો છે. ૨૧ ઓગસ્ટે બેંગકોકથી સિંગાપોર થઈને દિલ્હી પહોંચેલા એક ભારતીય નાગરકિને કસ્ટમ અધિકારીઓએ ટર્મિનલ-૩ પર રોકયો હતો. જ્યારે ગ્રીન ચેનલથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે એક્સ-રે સ્કેનમાં તેની ટ્રોલી બેગમાં શંકાસ્પદ સામગ્રી જોવા મળી હતી. તપાસ દરમિયાન લીલા અને બદામી રંગની બેગમાંથી કાળા રંગના ૨૫ પોલિથીન પેકેટ મળી આવ્યા હતાં. પેકેટ ખોલતા તેમાંથી લીલા રંગનું માદક પદાર્થ મળી આવ્યું હતું.જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કીંમત ૨૫ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. આરોપી યાત્રીની તરત જ ધરપકડ કરી લેવામાં આવી હતી. ગાંજો જપ્ત કરી લેવામાં આવ્યો છે.

બીજો કેસ દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી સાથે સંકળાયેલો છે. જેના સંદર્ભમાં બે મહિલા ડ્રગ્સ સપ્લાયરોની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં તેમની પાસેથી ૧૦૪૯ ગ્રામ હેરોઈન, એક સ્કૂટર, રોકડ અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યું હતું.

**એન્જિનિયરોને પાછા બોલાવવા મુદ્દે ચીનની ચૂપકીદી** | ચીને ભારત તથા દક્ષિણ પૂર્વ એશિયામાં ટેક્નોલોજી ટ્રાન્સફર અને પાર્ટ્સની નિકાસ પર અંકુશ મૂકવાના સંકેતો આપ્યા હતા

# ચીને આઈફોન-૧૭ના લોન્ચિંગ પહેલાં જ ભારતમાંથી ૩૦૦ એન્જિનિયર પાછા બોલાવ્યા

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારત છેલ્લા કેટલાક વર્ષોમાં સ્માર્ટફોનનું ઉત્પાદન હબ બન્યું છે અને વૈશ્વિક નિકાસમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. એપલના આઈફોનની વૈશ્વિક નિકાસમાં ભારતનું યોગદાન ૨૦ ટકા જેટલું છે. એપલ હવે અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ નવો આઈફોન-૧૭ લોન્ચ કરવા જઈ રહી છે, જેનું ઉત્પાદન તમિલનાડુમાં થઈ રહ્યું છે. આવા સમયે ચીને અવળચંડાઈ દર્શાવતા ફોક્સકોન ટેક્નોલોજી ગ્રૂપના તમિલનાડુ પ્લાન્ટમાંથી તેના અંદાજે ૩૦૦ એન્જિનિયરોને પાછા બોલાવી લીધા છે અને તેનું કોઈ કારણ પણ કહ્યું નથી.અમેરિકન કંપની એપલ ભારતમાં ફોક્સકોન




ટેક્નોલોજી ગ્રૂપ મારફત આઈફોનનું ઉત્પાદન કરે છે. ફોક્સકોન ટેક્નોલોજીએ આઈફોનના ઉત્પાદન માટે તમિલનાડુમાં પ્લાન્ટ સ્થાપ્યો છે. એપલ હવે ટૂંક સમયમાં આઈફોન-૧૭ લોન્ચ કરવાની છે તેવા સમયે જ ચીને ફોક્સકોન ટેક્નોલોજી ગ્રૂપના તમિલનાડુ પ્લાન્ટમાંથી તેના અંદાજે ૩૦૦ એન્જિનિયરોને પાછા બોલાવી લીધા છે. તાજેતરના મહિનાઓમાં ચીને બીજી વખત આવું પગલું ભર્યું છે.એક મીડિયા રિપોર્ટ મુજબ ચીનના આ પગલાંથી ભારતમાં એપલના વિસ્તરણની ગતિ પર અસર થઈ રહી છે. આ એન્જિનિયર ફોક્સકોનની યુજાન ટેક્નોલોજી યુનિટમાં કામ કરતા હતા, જે જૂના આઈફોન મોડેલ માટે ઈનક્લોઝર અને ડિસ્પ્લે મોડયુલ બનાવે છે. રિપોર્ટ મુજબ આ કર્મચારીઓને હવે ચીન પાછા મોકલી દેવાયા છે અને તમિલનાડુ સ્થિત ફોક્સકોને તેમની જગ્યાએ તાઈવાનના એન્જિનિયરોને બોલાવવાનું શરૂ કર્યું છે.મીડિયા રિપોર્ટ મુજબ આ વર્ષની શરૂઆતમાં પણ ફોક્સકોને કથિત રીતે ભારત સ્થિત તેની આઈફોન ફેક્ટરીમાંથી સેંકડો ચીની એન્જિનિયરો અને ટેકનિશિયનોને પાછા ઘરે મોકલી દીધા હતા.મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે ચીને મૌખિકરૂપે નિયામકો અને સ્થાનિક સરકારોને ભારત તથા દક્ષિણ પૂર્વ એશિયામાં ટેક્નોલોજી ટ્રાન્સફર અને પાર્ટ્સની નિકાસ પર અંકુશ મૂકવા માટે સંકેતો આપ્યા હતા, જેથી ચીનમાંથી એપલના આઈફોનના ઉત્પાદનનું પલાયન રોકી શકાય. જોકે, એન્જિનિયરોને ભારતથી પાછા બોલાવવાના કારણો અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

# ભારતે સતલુજમાં પાણી છોડતાં પાકિસ્તાનના પંજાબમાં તબાહી । મૃતઆંક ૭૮૮ થયો





પા.ક પંજાબ : ભારત દ્વારા સતલુજ નદીમાં પાણી છોડાતાં પાકિસ્તાનમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. પાકિસ્તાનના પંજાબમાં આવેલા બહાવલનગર શહેરમાં પૂરના કારણે જનજીવન ખોરવાયુ હતું. તેમજ હજારો એકરમાં ઉભો પાક નષ્ટ પામ્યો હતો. જેમાં બે લોકો પૂરમાં તણાઈ ગયા હોવાના પણ અહેવાલ છે. બાબા ફરિદ બ્રિજ અને ભુકન પાટણ નજીક સ્થિત ગામડાંઓમાં આવેલા પૂરમાંથી ૧૧૨૨ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ૯૨૮ લોકો અને હજારો પશુઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.પાકિસ્તાનના સ્થાનિક મીડિયા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનમાં આ ચોમાસામાં વરસાદ અને પૂરના કારણે અત્યારસુધી ૭૮૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. ખૈબર પખ્તૂનખ્વા, POK, અને પંજાબમાં પૂરના કારણે વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ચિનાબ અને સિંધુ નદીઓમાં પૂરનું જોખમ વધ્યું છે. જ્યારે ગંદાસિંહવાલામાં સતલુજ નદીમાં ભારતે પાણી છોડતાં પૂર આવ્યું છે.સતલુજ નદીમાં પાણીનો પ્રવાહ વધતાં નીચાણવાળા ગામડાંઓ પૂરમાં તણાયા છે. બાબા ફરિદ બ્રિજ અને ભુકન પાટણની નજીક ગામડાઓમાં પાણી ફરી વળતાં લોકોને સુરક્ષિત બહાર કાઢવા બચાવ કામગીરી હાથ ધરાઈ છે. સ્થાનિક વહીવટી તંત્રે જણાવ્યું હતું કે, આગામી ૪૮ કલાકમાં ગંદાસિંહ વાલામાં પૂરની આશંકા છે. સતલુજ નદીમાં જળ સ્તર ૨૧ ફૂટથી વધ્યું છે. જળ પ્રવાહ ૧,૩૦,૦૦૦ ક્યુસેકથી વધ્યો છે. જેનાથી રાવી અને ચિનાબ નદી પણ ગાંડીતૂર બની છે. મૂશળધાર વરસાદના કારણે પરિસ્થિતિ વણસી શકે છે.

## પરિણીતી ચોપરા બનશે માતા સોશિયલ મીડિયા પર આપ્યા ગૂડ ન્યૂઝ



। નવીદિલ્હી, તા.૨૫ ।

બોલિવૂડ એક્ટ્રસ પરિણીતિ ચોપરા અને આમ આદમી પાર્ટીના સાંસદ પતિ રાઘવ ચઢ્ઢા બંને જલદી માતા-પિતા બનવા જઈ રહ્યા છે. બંનેએ પહેલા બાળકનું સ્વાગત કરવાની સંપૂર્ણ તૈયારી કરી દીધી છે. કપલે ચાહકોને આ સારા સમાચાર ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને આપ્યા હતા. તેમણે ઈન્સ્ટા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં એક કેકની તસવીર શેર હતી અને તેના પર '૧+૧+૩' લખ્યું હતું. આ ઉપરાંત કેક પર નવજાત શિશુના પગની નિશાની પણ છે. આ વીડિયોમાં જોવા મળે છે કે બંનેએ એક પાર્કમાં વૉક કરી રહ્યા છે. આ વીડિયો જોઈને ચાહકોએ તેમને અભિનંદન પાઠવવાનું શરૂ કર્યુ છે. ત્યારે આ પોસ્ટ જોઈ બોલિવૂડના અન્ય કલાકારો અને રાજકારણથી જોડાયેલા દિગ્ગજોએ પણ વધામણા આપી રહ્યા છે. બંનેએ પોસ્ટ શેર કરતાં કેપ્ટશન લખ્યું હતું, ' હમારા છોટા સા બ્રહ્માંડ.. આગે બઢ રહા હૈ, ઢેર સારા આશીર્વાદ.' પોસ્ટ શેર કરતાં એક્ટ્રેસ હુમા કુરૈશીએ લખ્યું- 'બધાઈ હો'. સોનમ કપૂરે લખ્યું, 'બધાઈ હો ડાર્લિંગ'. ભૂમિ પેડનેકરે પણ વધામણાં આપ્યા. જણાવી દઈએ કે રાઘવ અને પરિણીતિ ચોપરાએ ૨૦૨૩માં ડેટિંગ શરૂ કરી હતી, પણ તેમણે ત્યારે આ સંબંધ વિશે સત્તાવાર રીતે વાત નહોતી કરી.

### અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સેનો દાવો

## 'રશિયા પર દબાણ લાવવા ટ્રમ્પે ભારત ઉપર સેકન્ડરી ટેરિફ લગાવ્યો', અમેરિકાના ઉપ-રાષ્ટ્રપ્રમુખનું નિવેદન

**ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર ડ્યુટી બમણી કરીને ૫૦ ટકા કરવાથી ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધ્યો છે અમેરિકાનો આરોપ છે કે ભારત રશિયા પાસેથી ઓઈલની ખરીદી મોસ્કોના યુક્રેન યુદ્ધને સમર્થન આપી રહ્યું છે**

। ગાઝા,તા.૨૪ ।

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સે રવિવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાને યુક્રેન પર બોમ્બમારો કરતા રોકવા માટે આક્રમક આર્થિક દબાણનો અભિગમ અપનાવ્યો છે, જેમાં ભારત પર સેકન્ડરી ટેરિફ લગાવવાનો પણ સમાવેશ થાય છે.

કાર્યક્રમ 'મીટ ધ પ્રેસ'માં જેડી વેન્સે કહ્યું હતું કે, આ પગલું ભરવા પાછળનો ઉદ્દેશ્ય ઓઈલ ઈકોનોમીથી થતી રશિયાની આવક ઘટાડવાનો છે, જેથી તે યુદ્ધ ચાલુ રાખી શકે નહીં. વેન્સે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનની તાજેતરની મુલાકાત પછી સર્જાયેલા સંભવિત અવરોધો છતાં અમેરિકા રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે.

જો અમેરિકા નવા પ્રતિબંધો લાદી રહ્યું નથી, તો રશિયા પર દબાણ કેવી રીતે લાવવામાં આવશે? તમે તેમને ઝેલેન્સ્કી સાથે વાટાઘાટોના ટેબલ પર કેવી રીતે લાવશો અને તેમને હુમલો રોકવા માટે કેવી રીતે સમજાવશો? આ પ્રશ્ન પર વેન્સે કહ્યું કે, 'ટ્રમ્પે રશિયા પર કડક આર્થિક દબાણ કર્યુ છે. ઉદાહરણ તરીકે ભારત પર વધારાના ટેરિફ લાદીને ઓઈલમાંથી રશિયાની કમાણી આકરી બનાવી દેવામાં આવી હતી.'



તેમણે કહ્યું કે, 'ટ્રમ્પે સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે જો રશિયા હુમલાઓ બંધ કરે છે, તો તેને વૈશ્વિક ઈકોનોમીમાં ફરીથી સામેલ કરી શકાય છે, પરંતુ જો હુમલાઓ ચાલુ રહેશે, તો તેને અલગ રહેવું પડશે.'

એટલું જ નહીં ટ્રમ્પ વહીવટીતંત્ર રશિયા પાસેથી સસ્તા ક્રૂડ ઓઈલની ખરીદી પર ભારતની સતત ટીકા કરી રહ્યું છે, જ્યારે વોશિંગ્ટને ચીન સામે કોઈ જાહેર વાંધો ઉઠાવ્યો નથી, જે રશિયન ઓઈલનો સૌથી મોટો ખરીદદાર છે. જોકે, ભારતે હંમેશા સ્પષ્ટ કર્યું છે કે તેની ઉર્જા જરૂરિયાતો અને ખરીદી રાષ્ટ્રીય હિત અને બજારની સ્થિતિ પર આધારિત છે.

ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર ડ્યુટી બમણી કરીને ૫૦ ટકા કરવાથી ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધ્યો છે. અમેરિકાનો આરોપ છે કે ભારત રશિયા પાસેથી ઓઈલની ખરીદી મોસ્કોના યુક્રેન યુદ્ધને સમર્થન આપી રહ્યું છે, જ્યારે ભારતે આ આરોપને સખત રીતે નકારી કાઢ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન પરના હુમલા પછી, પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધો લાદ્યા અને તેનો પુરવઠો બંધ કરી દીધો.

### બે ભારતીય સહિત પાંચના મોત

## અમેરિકામાં નાયગ્રા ધોધ જોઈને પરત ફરનારા પ્રવાસીઓની બસને અકસ્માત

**ન્યૂયોર્ક પરત જઈ રહેલી ૫૪ મુસાફરોથી ભરેલી ટૂર બસને બફેલો નજીક પેમ્બ્રોકમાં ઈન્ટરસ્ટેટ ૯૦ હાઈવે પર અકસ્માત નડ્યો હતો**

। નાયગ્રા, તા.૨૫ ।

કેનેડાના નાયગ્રા ધોધથી પરત ન્યૂયોર્ક ફરી રહેલી ટૂર બસનો અકસ્માત થતાં એક ભારતીય સહિત પાંચ લોકોના મોત થયા છે. ન્યૂયોર્ક પરત જઈ રહેલી ૫૪ મુસાફરોથી ભરેલી ટૂર બસને બફેલો નજીક પેમ્બ્રોકમાં ઈન્ટરસ્ટેટ ૯૦ હાઈવે પર અકસ્માત નડ્યો હતો. શુક્રવારે સર્જાયેલા આ અકસ્માતમાં પાંચ જણના ઘટના સ્થળે મોત થયા હતા, જ્યારે અન્ય તમામ મુસાફરને નાની-મોટી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.મૃતકોમાં બિહારમાંથી ૬૫ વર્ષીય શંકર કુમાર ઝા, ન્યૂ જર્સીના પિંકી ચાંગરાની (ઉ.વ.૬૦), ચીનના ઝી હોંગઝુઓ (ઉ.વ.૨૨), ન્યૂ જર્સીના જર્સી સિટીના રહેવાસી ઝાંગ ઝિયાઓલાન (ઉ.વ. ૫૫) અને જિયાન મિંગલી (ઉ.વ. ૫૬) તરીકે થઈ છે. આ ટૂર બસમાં મોટાભાગના મુસાફરો ભારતીય, ચીન અને ફિલિપિનોના હોવાનું ન્યૂયોર્ક પોલીસ કર્મી જેમ્સ ઓ'કેલાઘને જણાવ્યું હતું. ન્યૂ યોર્ક સ્ટેટ પોલીસના જણાવ્યા અનુસાર, શુક્રવારે બપોરે ૧૨.૨૨ વાગ્યે (સ્થાનિક સમય) બફેલો નજીક પેમ્બ્રોકમાં ઈન્ટરસ્ટેટ ૯૦ પર આ જીવલેણ અકસ્માત થયો હતો. બસ નાયગ્રા ધોધની મુલાકાત લીધા બાદ ન્યૂયોર્ક પરત ફરી રહી હતી, જેમાં ૫૪ લોકો સવાર હતા, જેમાં બસ કંપનીના બે કર્મચારી પણ હતા. બસ ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં હાઈવે પરથી ઉતરી ગઈ હતી અને બસ સીધી ખાડામાં પડી હતી. અકસ્માતના કારણે હાઈવે બંધ કરવાની ફરજ પડી હતી. અકસ્માતના લગભગ આઠ કલાક બાદ રાત્રે ૮.૩૦ વાગ્યે ફરી ખોલવામાં આવ્યો હતો. જ્યારે પશ્ચિમ તરફ જતો રસ્તો સાંજે ૫ વાગ્યા પછી ખોલવામાં આવ્યો હતો. ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલે એક્સ પર પોસ્ટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતું કે, આ દુઃખદ ટૂર બસ અકસ્માત વિશે માહિતી મળી છે. અમારી ઓફિસ આ ઘટનામાં બચાવ અને રાહત કામગીરી કરનારી રાજ્યની પોલીસ અને અન્ય એજન્સીઓ સાથે નજીકથી દેખરેખ રાખી રહી છે.કેનેડાના નાયગ્રા ધોધથી પરત ન્યૂયોર્ક ફરી રહેલી ટૂર બસનો અકસ્માત થતાં એક ભારતીય સહિત પાંચ લોકોના મોત થયા છે. ન્યૂયોર્ક પરત જઈ રહેલી ૫૪ મુસાફરોથી ભરેલી ટૂર બસને બફેલો નજીક પેમ્બ્રોકમાં ઈન્ટરસ્ટેટ ૯૦ હાઈવે પર અકસ્માત નડ્યો હતો.

## દીકરી દુઆનો વિડીયો ઉતારતા ફેન પર દીપિકા પાદુકોણ નારાજ



। મુંબઇ, તા.૨૫ ।

મુંબઈઃ દીપિકા તેની દીકરી દુઆનો વિડીયો ઉતારનારા ચાહક પર ભારે નારાજ થઈ હતી. દીપિકા મુંબઈ એરપોર્ટ પર હતી ત્યારે દુઆ તેના ખોળામાં સૂતી હતી. તે વખતે એક ચાહકે દીપિકાની જાણ અને મંજૂરી વિના જ દુઆનો વિડીયો ઉતાર્યો હતો. દીપિકા આ ફેન પર તરત જ નારાજ થઈ હતી. તેણે આ ફેનને વિડીયો ઉતારવા બદલ ખખડાવ્યો હતો. જોકે, આ ચાહકે ત્યાં સુધીમાં આ વિડીયો સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ કરી દીધો હતો. આ પોસ્ટ જોઈ દીપિકા તથા રણવીરના ચાહકો પણ ભારે નારાજ થઈ ગયા હતા. તેમણે આ ચાહકને આ વિડીયો તત્કાળ ડિલીટ કરવાનું જણાવતાં કહ્યું હતું કે આ બિલકૂલ અનૈતિક કૃત્ય છે. માં-બાપની સંમતિ વિના તેમનાં નાનાં બાળકનો વિડીયો ઉતારવો અને તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવો એ યોગ્ય નથી. આ બહુ નિંદાજનક કૃત્ય છે. ઉલ્લેખનીય છે કે રણવીર તથા દીપિકાએ હજુ સુધી તેમની દીકરીનો ફેસ સત્તાવાર રીતે જાહેરમાં દર્શાવ્યો નથી. બીજી તરફ રણબીર અને આલિયા તેમની દીકરી રાહાનો લૂક પ્રગટ કરી ચૂક્યાં છે પરંતુ હવે તેઓ ક્યાંય પણ જતી આવતી વખતે પાપારાઝી ફોટોગ્રાફર્સને રાહાના ફોટા નહિ પાડવા વિનંતી કરતાં હોય છે. વિરાટ અને અનુષ્કા પણ તેમનાં સંતાનોના ચહેરા સોશિયલ મીડિયા પર ક્યાંય પ્રગટ ન થાય તેની ખાસ કાળજી રાખે છે.

## લંડનમાં ભારતીય રેસ્ટોરન્ટમાં આગચંપી, ૫ લોકો દાઝ્યાં । સીસીટીવી ની મદદથી બે શંકાસ્પદ પકડાયા

। લંડન, તા.૨૫ ।

ફાઈસ્ટ લંડનમાં આવેલી એક ભારતીય રેસ્ટોરન્ટમાં ૨૨ ઓગસ્ટની રાત્રે આગચંપીની ઘટના બની હતી. પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરતા ૧૫ વર્ષના એક છોકરા અને ૫૪ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. બંને સામે આ ઘટનાને અંજામ આપવાનો આરોપ લાગ્યો છે. આગચંપીની ઘટનામાં લગભગ ૫ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. મેટ્રોપોલિટન પોલીસના જણાવ્યાનુસાર આ ઘટના ઈલફોર્ડના વૂડફોર્ડ એવન્યૂ, ગેન્ટ્સ હિલમાં આવેલી ઈન્ડિયન અરોમા રેસ્ટોરન્ટમાં બની હતી. ઘાયલોમાં ત્રણ મહિલાઓ અને બે પુરુષો સામેલ છે જે આગની ઘટના વખતે રેસ્ટોરન્ટમાં ડિનર કરી રહ્યા હતા. લંડન એમ્બ્યુલન્સ સર્વિસના પેરામેડિક્સે તેમને પ્રાથમિક સારવાર આપી હતી અને પછી તેમને હોસ્પિટલ પહોંચતા કરાયા હતા. પોલીસે જણાવ્યું હતું કે એક પુરુષ અને એક મહિલાની હાલત હજુ પણ ગંભીર છે. લંડન પોલીસના નોર્થ યુનિટના ચીફ ઈન્સ્પેક્ટર માર્ક રોજર્સે જણાવ્યું હતું કે, 'અમે બે લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે સાંજે બનેલી આ ઘટનાની તપાસ ઝડપથી ચાલી રહી છે. ભારતીય સમુદાયના લોકો આ ઘટનાથી ચિંતિત અને આઘાતમાં છે. હું તેમને અપીલ કરું છું કે જો તેમની પાસે કોઈ માહિતી હોય, તો તેઓ આગળ આવે અને પોલીસ સાથે વાત કરે.'

## ઈઝરાયલનો મધ્ય પૂર્વના વધુ એક દેશ ઉપર ભયાનક હુમલો । રહેણાંક વિસ્તારમાં મિસાઈલો ઝીંકી

। ઇરાન, તા.૨૫ ।

ઈઝરાયેલે મધ્ય પૂર્વના વધુ એક દેશ પર આડેધડ મિસાઈલો ઝિંકી હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઈઝરાયલે ઈરાન સમર્થિત હુથીવિદ્રોહીઓના હવાઈ હુમલાઓનો જવાબ આપતા યમનની રાજધાની સાનામાં આડેધડ મિસાઈલો ઝિંકી છે. રવિવારે (૨૪ઓગસ્ટ) સાનાના મોટાભાગના રહેણાંક વિસ્તારોમાં ધડાકાઓના અવાજો સંભળાયા હતા. આ હુમલો હુથીવિદ્રોહીઓ પર ઈઝરાયલના સીધા હુમલાનો સંકેત આપે છે. જોકે, ઈઝરાયલ તરફથી આ હુમલા અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. હુથીમીડિયા કાર્યાલયના દાવા મુજબ, ઈઝરાયલની સ્ટ્રાઈકમાં હેઝ્યાઝ વીજળી પ્લાન્ટ અને એક ગેસ સ્ટેશન સહિત અનેક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, આ હુમલામાં બે લોકોના મોત થયા છે અને પાંચથી વધુ લોકો ઘાયલ થયા છે. રાજધાનીના લોકોએ જણાવ્યું કે, સમગ્ર શહેરમાં, ખાસ કરીને રાષ્ટ્રપતિ ભવન અને એક બંધ સૈન્ય અકાદમીની આસપાસ વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા. સાબિક ચોક પાસે ધુમાડાના ગોટેગોટા ઉઠતા જોવા મળ્યા હતા.ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે વિવાદ શરૂ થયા બાદ હુથીવિદ્રોહીઓ લાલ સાગરમાં ઈઝરાયલના વેપારને નુકસાન પહોંચાડવા માટે સતત ડ્રોન અને મિસાઈલ હુમલા કરી રહ્યા છે. આ દરિયાઈ માર્ગે દર વર્ષે અંદાજે એક ટ્રિલિયન ડોલરનો સામાન પસાર થાય છે. નવેમ્બર ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે હુતીઓએ ૧૦૦થી વધુ જહાજોને નિશાન બનાવ્યા હતા, જેના કારણે ભારે નુકસાન થયું હતું. અમેરિકાએ હુતીઓ સાથે એક કરાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હુતીઓએ સ્પષ્ટ કહ્યું હતું કે, તેઓ ઈઝરાયલના વેપારી જહાજો પર હુમલો કરવાનું ચાલુ રાખશે.


### શાંતિની ચર્ચા વચ્ચે યુક્રેન પર ઘાતક હુમલા કરતા પુતિનને ઝેલેન્સ્કીનો જવાબ

### પેન્ટાગોને લાંબા અંતરના મિસાઈલો એટીએસીએમએસથી રશિયા પર હુમલો કરતા યુક્રેનને અટકાવ્યું, માત્ર રક્ષણ માટે વાપરવાની છૂટ આપી

## યુક્રેનનો સ્વતંત્રતા દિવસે જ રશિયાના પરમાણુ મથક પર ડ્રોન હુમલો । ૧૨ સ્થળો પર યુક્રેનના ૯૫ ડ્રોન તોડી પાડયા

। કીવ, તા.૨૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ રોકવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે. આ માટે તેમણે રશિયન પ્રમુખ પુતિન, યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી અને યુરોપના નેતાઓ સાથે બેઠકોનો દોર કર્યો, પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહીં. બંને દેશો વચ્ચે શાંતિની ચર્ચા વચ્ચે રશિયાએ યુક્રેન પર સતત હુમલા ચાલુ રાખ્યા છે. જોકે, રવિવારે યુક્રેને તેના સ્વતંત્રતા દિવસે જ પુતિનને જડબાતોડ જવાબ આપતા રશિયાના કુર્સ્ક પરમાણુ એકમ અને ઉસ્ત-લુગા ફ્યૂઅલ ટર્મિનલ પર હુમલા કર્યા હતા.ડોનાલ્ડ ટ્રમ્પે અમરેકિન પ્રમુખ બન્યાના ૨૪ કલાકમાં રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરાવી દેવાનો દાવો કર્યો હતો, પરંતુ સાત મહિના પછી પણ આ યુદ્ધ ચાલુ છે અને તે બંધ થવાના કોઈ સંકેતો મળતા નથી. રશિયાએ શાંતિ વાટાઘાટો વચ્ચે પણ યુક્રેન પર હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે.રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિનના હુમલાઓનો જવાબ આપતા યુક્રેને ૧૯૯૧માં ૨૪ ઑગસ્ટે સોવિયેત સંઘમાંથી આઝાદ થયાના દિવસની ઊજવણી કરતા રવિવારે રશિયા પર વ્યાપક સ્તર પર ડ્રોન હુમલો કર્યો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યુ કે, યુક્રેને તેની સરહદથી ૬૦ કિ.મી. દૂર રશિયાના સૌથી મોટા કુર્સ્ક પરમાણુ એકમ પર ડ્રોન હુમલો કર્યો હતો, જેને પગલે આ એકમના રિએક્ટરની વીજળી પેદા કરવાની ક્ષમતા ૫૦ ટકા સુધી ઘટી ગઈ હતી. આ સિવાય યુક્રેને ઉસ્ત-લુગા ફ્યુઅલ ટર્મનિલને પણ આગને હવાલે કરી દીધું હતું.બીજીબાજુ રશિયાએ ૧૨થી વધુ સ્થળો પર યુક્રેનના ૯૫ ટકા ડ્રોન તોડી પાડયાનો દાવો કર્યો હતો. યુક્રેનના હુમલાના કારણે રશિયામાં અનેક એરપોર્ટ પર સિવિલ ફ્લાઈટ્સ અટકાવી દેવાઈ હતી. રશિયન સંરક્ષણ મંત્રાલયે ઉમેર્યુ કે ફિનલેન્ડની ખાડીથી લગભગ ૧,૦૦૦ કિ.મી. ઉત્તરમાં રશિયાના લેલિનગ્રાદ ક્ષેત્ર સ્થિત ઉસ્ત-લુગા બંદર પર તેમણે યુક્રેનના ૧૦ ડ્રોન તોડી પાડયા હતા. જોકે, આ ક્ષેત્રમાં યુક્રેનના ડ્રોને ફ્યુઅલ ટર્મિનલ પર હુમલો કરતા આગ ફાટી નીકળી હતી. આ ટર્મનિલ પરથી રશિયાની નોવાટેક કંપની મુખ્યરૂપે ચીન, સિંગાપોર, તાઈવાન અને મલેશિયા જેવા એશિયાના દેશોને નેફથા અને ઈસ્તંબુલને જેટ ઈંધણનો પુરવઠો પૂરો પાડે છે.અમેરિકન પ્રમુખ ટ્રમ્પના પ્રયાસોથી યુક્રેન અને રશિયા વચ્ચે હાથ ધરાયેલી શાંતિ મંત્રણા હાલ પડી ભાંગી છે તેવા સમયે અમેરિકન આર્મી પેન્ટાગોને રશિયા પર હુમલા કરવા માટે આર્મી ટેકટિકલ મિસાઈલ સિસ્ટમ્સ (એટીએસીએમએસ)નો ઉપયોગ કરતાં યુક્રેનને અટકાવ્યું છે.



**ગાઝામાં ઇઝરાયેલના હુમલામાં વધુ ચારના મોત**

**ઇઝરાયેલના હુમલામાં સનાના અનેક મકાનો હચમચી ગયા, બારી બારણા તુટયા, સ્થાનિકોમાં ભયનો માહોલ**

## યમનમાં હુથીઓના મિસાઇલ મથકો પર ઇઝરાયેલનો ભારે બોમ્બમારો

। ગાઝા, તા.૨૫ ।

ઈઝરાયેલે હમાસ ઉપરાંત હવે હુથી બળવાખોરો સામે મોરચો ખોલ્યો છે. ઈઝરાયેલ દ્વારા યમનમાં ભારે હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં હુથી બળવાખોરોની અનેક મિસાઈલોનો નાશ કર્યો હોવાનો દાવો ઈઝરાયેલે કર્યો હતો. હુથી બળવાખોરોને ઈરાનનું સમર્થન છે જેની સાથે પણ તાજેતરમાં ઈઝરાયેલ યુદ્ધ કરી ચુક્યું છે. ઈઝરાયેલના હુથીઓ પરના તાજેતરના હુમલાને પગલે ઈરાન સાથે પણ વિવાદ વધવાની શક્યતાઓ છે. હુથીઓ દ્વારા તાજેતરમાં હુમલા કરાયા હતા જેનો જવાબ આપવા હવે ઈઝરાયેલે આ મિસાઈલમારો ચલાવ્યો છે.હુથીઓના હુમલાના જવાબમાં




ઈઝરાયેલે સનામાં રાષ્ટ્રપતિ ભવન અને સૈન્ય મથક પાસે જ મિસાઈલો દાગી

ઈઝરાયેલના સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હુથી બળવાખોરો ઈરાનના આદેશ પર કામ કરે છે કે જેથી ઈઝરાયેલ અને તેના સહયોગી દેશોને નુકસાન પહોંચાડી શકાય. ઈઝરાયેલ દ્વારા યમનની રાજધાની સના પર અનેક હવાઈ હુમલા કરાયા હતા, જેની તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. તાજેતરમાં યમન દ્વારા પણ ઈઝરાયેલ પર હુમલા કરવામાં આવ્યા હતા જેનો જવાબ આપવા માટે વળતો પ્રહાર કરાયો હોવાનો બચાવ ઈઝરાયલી સૈન્યએ કર્યો હતો.

ઈઝરાયેલ દ્વારા યમનની રાજધાની પર જે બોમ્બમારો કરાયો તે રાષ્ટ્રપતિ ભવન નજીક જ થયો, જેને કારણે આસપાસના રહેણાંકના વિસ્તારોમાં પણ તેની અસર જોવા મળી હતી. સ્થાનિકોએ કહ્યું હતું કે ધમાકો એટલો જોરદાર હતો કે અનેક મકાનોના બારી બારણા ટુટી ગયા હતા. જ્યારે કેટલાક મકાનો ધ્રુજવા લાગ્યા હતા. આ પહેલા મે મહિનામાં ઈઝરાયેલ દ્વારા યમનના સનામાં મોટો હુમલો કરાયો હતો જેમાં વિમાન મથક નિશાન બનાવાયું હતું, આ હુમલામાં છ પેસેન્જર પ્લેનને ભારે નુકસાન થયું હતું.

દરમિયાન ઈઝરાયેલ દ્વારા યમનની સાથે ગાઝા પર પણ હુમલા યથાવત છે. ઈઝરાયેલી સૈન્ય દ્વારા ગાઝામાં નિર્દોષ નાગરિકોની હત્યા કરાઇ રહી છે. ભુખમરાનો સામનો કરી રહેલા ગાઝાના નાગરિકો જ્યારે ભોજન લેવા રાહત કેમ્પ તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમના પર ગોળીબાર કરાયો હતો. જેમાં ચાર લોકોના મોત નિપજ્યા હતા. અહીંના શરણાર્થી કેમ્પો પર હવે ઈઝરાયેલ હુમલા કરવા લાગ્યું છે.

જબાલિયામાં શરણાર્થી કેમ્પમાં રહેતા લોકોએ કહ્યું હતું કે આખી રાત વિસ્ફોટો કરાયા હતા. ઈઝરાયેલ રાહત કેમ્પોને ખાલી કરાવવા માગતું હોવાથી આ હુમલા કરાઈ રહ્યા છે.

**પીએમ ગુજરાત પ્રવાસે** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની જનતા પર પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા દ્રઢતાપૂર્વક જણાવ્યું છે કે, સ્વદેશી અને આત્મનિર્ભર ભારત એ વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે । આવનારા સમયમાં દેશનો પ્રત્યેક નાગરિક 'વોકલ ફોર લોકલ'નો વાહક બનશે, દરેક નાગરિક સ્વદેશીના મંત્રને જીવી જાણશે

# સ્વદેશી અને આત્મનિર્ભર ભારત વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે : પીએમ મોદી

## 'ખેડૂતોને ઉની આંચ નહીં આવવા દઉં':'ગમે એટલું દબાણ આવે સહન કરવાની તાકાત વધારતા જઈશું', એક્સ્ટ્રા ૨૫% ટ્રમ્પ ટેરિફ પહેલાં ગુજરાતની ધરતી પરથી મોદીનો હુંકાર







મોહિત પંજાબી । અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની જનતા પર પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા દ્રઢતાપૂર્વક જણાવ્યું છે કે, સ્વદેશી અને આત્મનિર્ભર ભારત એ વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે. આવનારા સમયમાં દેશનો પ્રત્યેક નાગરિક 'વોકલ ફોર લોકલ'નો વાહક બનશે, દરેક નાગરિક સ્વદેશીના મંત્રને જીવી જાણશે. ૨૦૪૭માં જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ ઊજવતું હશે ત્યારે ભારત અવશ્ય વિકસિત રાષ્ટ્ર હશે જ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસના ૨૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'વિકસિત ગુજરાત વિકસિત ભારત' કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ ખાતેથી ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, રાજ્યના વરિષ્ઠ મંત્રી કનુભાઈ દેસાઈ, ઋષિકેશભાઈ પટેલ, જગદીશભાઈ વિશ્વકર્માની ઉપ સ્થિતિમાં અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાને કુલ રૂપિયા ૫૪૭૭ કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી. વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજે દુનિયાભરમાં આર્થિક સ્વાર્થવાળી રાજનીતિ જોવા મળી રહી છે ત્યારે અમદાવાદની ધરતી પરથી દેશના ખેડૂતો, પશુપાલકો, દુકાનદારો, લઘુ ઉદ્યમીઓને વારંવાર વાયદો કરું છું કે મારા માટે તમારાં હિત સર્વોપરિ છે, એવી તેમણે ખાતરી આપી હતી.અલગ ગુજરાત માટે આંદોલન ચાલતું ત્યારે ઘણા મજાકમાં કહેતા કે તમારે ત્યાં ન ખાણ-ખનીજ છે, ન ઉદ્યોગ-ધંધા છે, વારંવાર દુકાળ પડે છે. તમે અલગ થઈને શું કરશો.. ગુજરાતના માથે જવાબદારી આવી ત્યારે ગુજરાતના લોકોએ પાછીપાની કરી નહીં. આજે ગુજરાતીઓ માટે ગર્વની વાત છે કે ગુજરાત મેન્યુફેક્ચરિંગનું હબ બની ગયું છે. દરેક પ્રકારના ઉદ્યોગનો વિસ્તાર ગુજરાતની ધરતી પર થઈ રહ્યો છે, એવું તેમણે ઉમેર્યુ હતું.વડાપ્રધાનએ કહ્યું કે, દાહોદની રેલ્વે ફેક્ટરીમાં તાકાતવર ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન બની રહ્યા છે. આજે ગુજરાતમાં બનેલા રેલવે કોચ બીજા દેશોને એક્સપોર્ટ થઈ રહ્યા છે, એટલું જ નહીં ગુજરાતમાં મોટી સંખ્યામાં મોટરસાયકલ, કાર જેવા વાહનોનું મેન્યુફેક્ચરિંગ થઈ રહ્યું છે. દેશ અને દુનિયાની મોટી મોટી કંપનીઓ ગુજરાતમાં ફેક્ટરી લગાવી રહી છે. ગુજરાતમાં એરોપ્લેનના અલગ અલગ પાટ્ર્સ બનાવીને તેના એક્સપોર્ટનું કામ પહેલાથી ચાલતું હતું હવે વડોદરામાં ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બનાવવાનું કામ પણ શરૂ થયું છે, અને હવે ગુજરાત ઈલેક્ટ્રોનિક વ્હીકલ મેન્યુફેક્ચરિંગનું પણ સેન્ટર બનવા જઈ રહ્યુ છે. જેટલા પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો બને છે તે સેમિકન્ડક્ટર વિના બની શકતા નથી ત્યારે ગુજરાત હવે સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદન ક્ષેત્રે મોટું નામ કરવા જઈ રહ્યું છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે વધુમાં કહ્યું કે, ટેક્સટાઈલ જેમ્સ એન્ડ જ્વેલરી આ તમામ ગુજરાતની ઓળખ બની ગયા છે. દવા અને વેક્સિન જેવી ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટસની દેશની કુલ નિકાસમાંથી ત્રીજા ભાગની નિકાસ ગુજરાતમાંથી થાય છે. ભારત સૌર ઊર્જા, પવન ઊર્જા અને પરમાણુ ઊર્જાના ઉત્પાદનમાં તેજ ગતિથી આગળ વધી રહ્યું છે.

## વડાપ્રધાનએ એક જ દિવસમાં ગુજરાતને એકસાથે રૂ. ૫૪૭૭ કરોડના વિવિધ વિકાસકામોની ભેટ આપી

### પીએમ મોદી એ વિકાસ કામો પૈકી અમદાવાદને રૂ.૩૧૨૫ કરોડના વિકાસકામોની ભેટ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલ તથા રાજ્યના વરિષ્ઠ મંત્રીઓની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં પીએમ મોદી એ વિકાસ કામો પૈકી અમદાવાદને રૂ.૩૧૨૫ કરોડના વિકાસકામોની ભેટ મળી હતી, તેમાં યુજીવીસીએલના ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા રૂ.૬૦૮ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂ.૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના આઈએસએસઆર ઘટક હેઠળ રામાપીરના ટેકરાના સેક્ટર-૩ ખાતે આવેલી ઝૂંપડપટ્ટીના વિકાસનું લોકાર્પણ, ચાંદખેડા અને ગોતા ખાતે ૬૬કેવી સબસ્ટેશન તેમજ વિરમગામ ખુડદ રોડના લોકાર્પણનો સમાવેશ થાય છે. મહેસાણાને કુલ રૂ. ૧૭૯૬ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ આપી હતી. તેમાં ૧૪૦૪ કરોડ રૂપિયાના ખર્ચે રેલવે વિકાસના કામોના લોકાર્પણ કર્યા હતા તેમજ બે ટ્રેનનું ફ્લૅગ-ઑફ કર્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં યુજીવીસીએલના ૨૨૧ કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું, તેમજ માર્ગ-મકાન વિભાગના રૂ. ૧૭૧ કરોડના ખર્ચે વિવિધ માર્ગોના ખાતમુહૂર્ત કર્યા હતા.ગુજરાત રિન્યુઅલ એનર્જી અને પેટ્રોકેમિકલ્સનું પણ મોટું કેન્દ્ર બની ચૂક્યું છે. દેશની પેટ્રોકેમિકલ જરૂરિયાતો પૂરી કરવામાં ગુજરાત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્લાસ્ટિક, સિન્થેટિક ફાઇબર, ફર્ટિલાઇઝર, દવાઓ, પેઇન્ટ અને કોસ્મેટીક્સ આ તમામ ઉદોગોનું મુખ્ય આધાર પેટ્રોકેમિકલ સેક્ટર જ છે.વડાપ્રધાનશ્રીએ અમદાવાદ ખાતે યોજાયેલા રોડ શોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ રોડ શો ખૂબ અદભુત હતો.









### વ્યાપારી વર્ગ નક્કી કરે કે તેઓ વિદેશી માલ નહીં વેચે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં નિકોલ ખાતેથી આ વિકાસકાર્યોની ભેટ ધરતાં જણાવ્યું હતું કે, દેશભરમાં ગણેશ ઉત્સવ માટે અદભુત ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે ગુજરાતના વિકાસ સાથે જોડાયેલી અનેક યોજનાઓના પણ શ્રી ગણેશ થઈ રહ્યા છે. વિકાસકાર્યો જનતા જનાર્દનને સમર્પિત કરવા મળ્યું, એનો મારું સદભાગ્ય માનું છું, એવું તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, આવનારો સમય તહેવારો પર્વનો સમય છે. આ સમય આનંદ અને ઉલ્લાસની સાથે સાથે આત્મનિર્ભરતાનો અવસર પણ બનવો જોઈએ. આજે હું પૂજ્ય ગાંધી બાપુની ધરતી પરથી દેશભરના લોકોને આગ્રહ કરવા માગું છું કે, આપણે એક જીવન મંત્ર અપનાવવાનો છે કે જે પણ ખરીદીશું તે ભારતમાં બનેલું જ ખરીદીશુ. જે સ્વદેશી હશે, મેડ ઇન ઇન્ડિયા હશે તે જ ખરીદીશું. ઘરની સજાવટ, કોઈને આપવા માટેનો ઉપહાર, દરેક વસ્તુ ભારતમાં બનેલી ખરીદીશું. ઓપરેશન સિંદૂરથી દુનિયાને સુદર્શન ચક્રધારી મોહનનો પરિચય થયો, તો આત્મનિર્ભર ભારત અભિયાન ચરખાધારી મોહનનો પરિચય કરાવશે, એવું તેમણે ઉમેર્યું હતું.વડાપ્રધાનશ્રીએ દેશભરના વ્યાપારીઓ દુકાનદારોને અનુરોધ કરતા કહ્યું કે, વ્યાપારી વર્ગ નક્કી કરે કે તેઓ વિદેશી માલ નહીં વેચે. વ્યાપારીઓ ગર્વ સાથે સાઇન બોર્ડ લગાવે કે મારે ત્યાં માત્ર સ્વદેશી વસ્તુ મળે છે. જો આ દેશના સામર્થ્યની પૂજા કરવામાં આવે તો દેશવાસીઓ રાષ્ટ્રહિતના સંકલ્પને ક્યારેય વ્યર્થ નવી નથી જવા દેતા. વડાપ્રધાનએ જણાવ્યું હતું કે ગુજરાતની ધરતી બે મોહનની ધરતી છે, એક સુદર્શન ચક્રધારી મોહન – દ્વારિકાધીશ શ્રી કૃષ્ણની અને બીજા ચરખાધારી મોહન – સાબરમતીના સંત મહાત્મા ગાંધીની.



### સુદર્શન ચક્ર એ ન્યાય અને સુરક્ષાનું કવચ પૂરું પાડે છે સાથે સાથે દુશ્મનોને પાતાળમાં પણ શોધીને સજા આપે છે : પીએમ

વડાપ્રધાનએ વધુમાં જણાવ્યું હતું કે સુદર્શન ચક્રધારી મોહને સમાજનું-દેશનું રક્ષણ કઈ રીતે કરી શકાય, એ આપણને શીખવ્યું છે. સુદર્શન ચક્ર એ ન્યાય અને સુરક્ષાનું કવચ પૂરું પાડે છે સાથે સાથે દુશ્મનોને પાતાળમાં પણ શોધીને સજા આપે છે. ઓપરેશન સિંદૂરમાં આખી દુનિયાએ ભારતના નિર્ણયોમાં આ ભાવને અનુભવ્યો છે. આતંકવાદીઓ અને તેમના આકાઓને છોડવામાં આવતા નથી. પહેલગામનો બદલો ભારતે માત્ર ૨૨ મિનિટમાં બધું સફાચટ કરીને લીધો. સેનાએ સેંકડો કિલોમીટર અંદર નક્કી કરેલા નિશાન પર આતંકવાદની નાભિ પર હુમલો કર્યો, એ આખી દુનિયાએ જોયું છે. ઓપરેશન સિંદૂર આપણી સેનાના શૌર્ય તથા સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતીક બની ગયું, એવું તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે ચરખાધારી મોહન મહાત્મા ગાંધીએ દેશની સમૃદ્ધિનો માર્ગ સ્વદેશીમાં હોવાનું ચીંધ્યું હતું. જોકે, ગાંધીના નામે રાજકીય ગાડી ચલાવનારાના મોંઢેથી ન કદી સ્વચ્છતા શબ્દ સંભળાયો ન ક્યારેય સ્વદેશી. સાબરમતી આશ્રમ સાક્ષી છે કે બાપુના નામે સત્તાસુખ ભોગવનારાએ બાપુના આત્માને કચડી નાખ્યો હતો. ગાંધીજીનો સ્વદેશીનો મંત્ર ભૂલી જવાયો હતો. ભારતને ૬૦-૬૫ વર્ષ સુધી અન્ય દેશો પર નિર્ભર રાખવામાં આવ્યું હતું. અને સત્તામાં રહીને ઈમ્પોર્ટમાં પણ કૌભાંડો ચલાવવામાં આવતાં હતાં, એવું તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે આજે ભારતે આત્મનિર્ભરતાને વિકસિત ભારતના નિર્માણનો આધાર બનાવી દીધો છે આજે દેશના ખેડૂતો, પશુપાલકો, નાના ઉદ્યમીઓ, માછીમારોના બળે દેશ ઝડપથી વિકાસના માર્ગે ચાલી રહ્યો છે અને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહ્યો છે.વડાપ્રધાનએ જણાવ્યું હતું કે આજે આત્મનિર્ભર ભારત અભિયાનને ગુજરાતમાંથી મોટી ઊર્જા મળી રહી છે. બે દાયકાની સખત મહેનતનું આ પરિણામ છે. રાજ્યના પશુપાલન, ડેરી ઉદ્યોગ અને સહકાર ક્ષેત્રની દુનિયાભરમાં બોલબાલા છે. તાજેતરમાં ફિજીના વડાપ્રધાને પણ ભારતના ડેરી ઉદ્યોગ અને સહકાર ક્ષેત્રની વાત સન્માનપૂર્વક કરી હતી, એવું તેમણે ઉમેર્યુ હતું.ગુજરાતના પશુપાલનની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યુ હતું કે રાજ્યમાં પશુપાલનમાં મહિલાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. બહેનોએ પશુપાલન કરીને ડેરી ક્ષેત્રને મજબૂત અને આત્મનિર્ભર બનાવ્યું છે. જેના પરિણામે ભારતના ડેરી ઉદ્યોગના ચારેકોર જયગાન સાંભળવા મળે છે.

## વડાપ્રધાનએ અમદાવાદ ખાતે યોજાયેલા રોડ શોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ રોડ શો ખૂબ અદભુત હતો

વડાપ્રધાનએ કહ્યું કે, દેશમાં ૨૫ કરોડ જેટલા લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે તેની ચર્ચા વિશ્વભરના ઈકોનોમિસ્ટ કરી રહ્યા છે. ગરીબી રેખામાંથી બહાર આવેલો નિયો મિડલક્લાસ અને મીડલ ક્લાસ દેશની સૌથી મોટી તાકાત છે, તેમને સશક્ત કરવાનો વર્તમાન સરકારનો નિરંતર પ્રયાસ છે. આવા પ્રયાસોના ભાગરૂપે જ આવકવેરામાં ૧૨ લાખ સુધીની છૂટ આપવામાં આવી છે અને હવે આવનારા દિવસોમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સમાં મોટું રિફોર્મ પરિવર્તન લાવી રહ્યા છીએ. વ્યાપાર મધ્યમ વર્ગ તમામને આ દિવાળી પર ખુશીઓનું ડબલ બોનસ મળવાનું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ આજે ઈકોનોમિક પાવર હાઉસ તેમજ અર્બન પ્લાનિંગનું ટ્રેન્ડસેટર બની ગયું છે. વર્ષ ૨૦૦૫થી શહેરી વિકાસ વર્ષની ઉજવણી શરૂ કરાવનાર નરેન્દ્રભાઈએ શહેરીકરણને એક અવસર તરીકે સ્વીકારીને વેલ પ્લાન્ડ સિટી ડેવલપમેન્ટનું વિઝન આપેલું તથા શહેરો વિકાસનાં કેન્દ્રો બને એ દિશામાં વિકાસકાર્યો શરૂ કર્યા હતાં. આજે લોકાર્પિત થયેલાં શહેરી વિકાસનાં કાર્યો મહાનગરોમાં અર્નિંગ વેલ લિવિંગ વેલનો ધ્યેય સાકાર કરશે, એવું તેમણે ઉમેર્યુ હતું.શહેરી વિકાસ અંગે મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિની નવી પરંપરાનો પ્રારંભ કરાવ્યો. સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે શહેરથી લઈને ગામડાંઓ સુધી સર્વગ્રાહી વિકાસને આગવી દિશા આપી છે. તેમના નેતૃત્વમાં ગ્રીન, ક્લિન, સ્માર્ટ અને સસ્ટેનેબલ શહેરો માટે વિકાસ પરિયોજનાઓ ચલાવવામાં આવી રહી છે. નરેન્દ્રભાઈના દિશાદર્શનથી શહેરી વિકાસ વર્ષની બે દાયકાની સફળતાને પગલે આપણે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવી રહ્યા છીએ.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે ઓપરેશન સિંદૂરની સફળતા માટે ભારતીય સૈન્યોને તથા વડાપ્રધાનને સમગ્ર ગુજરાત વતી અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીના નિર્ણાયક અને સાહસિક નેતૃત્વમાં ભારતીય સેનાએ સફળતાપૂર્વક ઓપરેશન સિંદૂર પાર પાડ્યું. આતંકવાદીઓને તેમની જ ભાષામાં સજ્જડ અને સચોટ જવાબ આપીને ભારતે ન્યૂ નોર્મલના નવા માપદંડો સ્થાપિત કર્યા છે. ઓપરેશન સિંદૂર દરમિયાન દુનિયાએ મેક ઈન ઈન્ડિયા શસ્ત્રોની તાકાત જોઈ અને તેમને આત્મનિર્ભર ભારતનો પરિચય મળ્યો છે, એવું તેમણે ઉમેર્યુ હતું.આત્મનિર્ભર ભારત અંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીનું સ્વદેશી વિઝન હવે આધુનિક, સશક્ત, આત્મનિર્ભર અને વૈશ્વિક ભારતના નિર્માણનું મિશન બની ગયું છે. વડાપ્રધાનએ વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલનો મંત્ર આપ્યો છે, જેના માટે સ્ટાર્ટઅપ્સ, એમએસએમઈ, સ્થાનિક ઉદ્યોગો, ગ્રામીણ અર્થતંત્ર, હસ્તકલાઓને વધુને વધુ અપનાવીને તથા તેને પ્રોત્સાહન આપીને સ્વદેશી મિશનને વેગવાન બનાવીએ. વડાપ્રધાન કહે છે, તેમ આત્મનિર્ભર ભારત એ ૧૪૦ કરોડ ભારતીયોનો સંકલ્પ છે. દેશની જનતાને અતૂટ વિશ્વાસ છે કે શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનીને રહેશે, એવું તેમણે ઉમેર્યુ હતું.ગુજરાત વર્ષ ૨૦૩૫માં તેની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ કરશે ત્યારે આજે વડાપ્રધાનના હસ્તે મળેલી વિકાસકાર્યોની ભેટ ગુજરાત માટે ફ્યુચરિસ્ટિક માઈલસ્ટોન બની રહેશે. દરેક ગુજરાતી વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવામાં પોતાનું યોગદાન આપશે, એવો આશાવાદ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.




न्यायालय-विशाल शर्मा, तृतीय जिला न्यायाधीश,
डॉ. अम्बेडकर नगर जिला इंदौर (म.प्र.)
(अपील 96 सी.पी.सी. के अन्तर्गत)

जावक क्र - 288/2025
डॉ अम्बेडकर नगर, दिनाक 14.08.2025
RCA-42/2024
योगेन्द्र आदि ........................ प्रार्थी
- विरूद्ध-
दूलीचंद आदि ................प्रतिप्रार्थीगण

सर्वसाधारण को सूचित किया जाता है कि अपीलार्थी/ प्रार्थी योगेन्द्र पिता स्व. सुरेंद्र कौशल, निवासी ग्राम सांतेर, तहसील डॉ. अम्बेडकर नगर, इंदौर (म.प्र.) के द्वारा एक प्रथम अपील आप प्रत्यार्थी श्रीमती राधिका पति सतीश लोधा (पिता स्व० दूलीवंद) निवासी रामजी भाई के कुए के पास शक्ति नगर ग्राम सहवाडी, जिला अहमदाबाद, गुजरात के विरुद्ध प्रस्तुत कि गई जो माननीय न्यायालय के समक्ष विचाराधीन है। जो आप प्रत्यार्थी की उपस्थिति के प्रक्रम पर नियत है।

आपको सूचना दी जाती है कि उक्त अपील न्यायालय में रजिस्टर कर ली गई हैं और इस अपील की सुनवाई के लिए इस न्यायालय द्वारा दिनांक 03.09.2025 नियत की गई हैं।

यदि इस अपील में आपकी ओर से आप स्वयं या आपके प्लीडर या आपके कार्य करने के लिए विधि प्राधिकृत कोई व्यक्ति उपसंजात्त नहीं होगा तो यह आपकी अनुपस्थिति में सुनी और विनिश्चत की जाएगी।

लगाक कर आज तारीख 14.08.2025 को मेरे हस्ताक्षर से और न्यायालय की मुद्रा यालय तुरीय जिला न्यायाधी

विशाल शर्मा
तृतीय जिला न्यायाधीश
डॉ. अम्बेडकर नगर, जिला इंदौर

नोटः यदि किसी कारणवश उक्त तिथी को न्यायालय अवकाश पर रहेगा तो आगामी कार्य दिवस पर यह प्रकरण सुनवायी में लिया जावेगा।



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya